RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 01-08-2026 I VOL : 12 I Issue : 137 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

**સુવિચાર**


સફળ લોકો બહાના નહીં, રસ્તા શોધે છે. ધ્યેય વગરનું જીવન દિશા વગરની નાવ જેવું છે. ”

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 

શિક્ષણના ઉચ્ચ દાવાઓ વચ્ચે વરવી વાસ્તવિકતા: ગુજરાતની 2335 સરકારી શાળાઓ...

4 
બલૂચિસ્તાનમાં કોલસાની ખાણમાં પ્રચંડ વિસ્ફોટ, 32 શ્રમિકોના મોત

6 
મુનમુન દત્તાએ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓ સાથે થતા ભેદભાવ અંગે ઠાલવ્યું દર્દ

7 
જો રૂટ ઇંગ્લેન્ડનો ટેસ્ટ કેપ્ટન બન્યો: ફ્લેમિંગ નવા કોચ

## એક નજર...

### ઝારા યાસ્મિને કેમેરા સામે આપ્યા કિલર પોઝ, તસવીરોએ લગાવી આગ



ઝારા યાસ્મીન રિયલ લાઈફમાં તે ખૂબ જ મોડર્ન છે અને તેના બિકીની ફોટોઝ દ્વારા ઈન્ટરનેટ પર ધમાલ મચાવે છે. આ સિવાય જો તમે પણ ઝારા યાસ્મીન વિશે અને તેના અંગત જીવન સાથે જોડાયેલી અન્ય માહિતી જાણવા માગો છો, તો ચાલો આજે તમને જણાવીએ કે કોણ છે ઝારા યાસ્મીન જેણે પોતાની બોલ્ડ તસવીરોથી ઈન્ટરનેટ પર આગ લગાવી દીધી છે.

## NEWS TRACK

### સ્પેનમાં ઘુસવા 60 હજાર પ્રવાસીઓ પહોંચ્યા, 34નાં મોત:પોલીસથી બચવા નાસભાગ મચી

સ્પેનમાં બળજબરીપૂર્વક પ્રવેશવાનો પ્રયાસ કરતી વખતે 34 આફ્રિકન પ્રવાસીઓના મોત થયા. ન્યૂઝ એજન્સી AP અનુસાર, આ ઘટના ગુરુવારે સવારે બની હતી, જ્યારે 3 હજાર પ્રવાસીઓ એકસાથે સ્પેનમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સરહદ પર પોલીસની ઘેરાબંધી અને સુરક્ષા વાડ વચ્ચેના સાંકડા રસ્તાઓને કારણે લોકો એકબીજા પર પડી ગયા. ભીડમાં દબાઈ જવા, શ્વાસ રૂંધાવા અને સમુદ્રમાં ડૂબી જવાને કારણે આ દુર્ઘટના થઈ. આ દરમિયાન સ્પેન અને મોરોક્કોના 100થી વધુ સૈનિકો પણ ઘાયલ થયા. સ્પેનિશ સરકાર તરફથી માહિતી મળી છે કે 24 કલાકમાં મોરોક્કો તરફથી લગભગ 60 હજાર લોકો તરીને અથવા ચાલીને સ્પેનિશ શહેર સ્યુટામાં પ્રવેશ કરી ચૂક્યા છે. આ સ્યુટાની વસતીના 70% છે. સ્યુટા ભલે ભૌગોલિક રીતે આફ્રિકામાં હોય, પરંતુ તે સ્પેન અને યુરોપિયન યુનિયન (EU) નો ભાગ છે. એટલે કે જો કોઈ પ્રવાસી સ્યુટામાં ઘૂસી જાય છે, તો તે યુરોપની સરહદ સુધી પહોંચી જાય છે. આ જ કારણ છે કે હજારો લોકો દર વર્ષે અહીંથી યુરોપમાં દાખલ થવાનો પ્રયાસ કરે છે.

### ભારતના 'કોકરોચ'થી પાકિસ્તાની સરકાર ફફડી ઊઠી: દેશમાં બળવાનો ડર; ગૃહમંત્રીએ નાકામી સ્વીકારી

પાકિસ્તાન સરકાર પર પણ યુવાનોના વિરોધનો ડર સતાવી રહ્યો છે. પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ આશંકા વ્યક્ત કરી છે કે જો સિસ્ટમ ઠીક નહીં થાય, તો આ 'કોકરોચ' બધું જ બદલી નાખશે. મોહસિન નકવીએ પોતાની જ સરકારને એલર્ટ કરતા કહ્યું છે કે તમે તેમને યુથ કહો, કોકરોચ કહો કે ગમે તે કહો, જો તેઓ એક થઈ જશે તો બધું જ ઉથલ-પાથલ કરી નાખશે. પાકિસ્તાન આ સમયે મોંઘવારી, નબળી અર્થવ્યવસ્થા, દેવું, હિંસા અને બેરોજગારીથી ઝઝૂમી રહ્યું છે. પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ તાજેતરમાં આ વાતનો ઉલ્લેખ કર્યો અને દેશની આર્થિક નાકામીઓને ખુલ્લેઆમ સ્વીકારી. 'કોકરોચ' બધું ઊથલાવી દેશે' તેમણે કહ્યું કે, 'જો આ 'કોકરોચ' એકસાથે આવી જાય, તો તેઓ બધું જ પલટી શકે છે. તેઓ ઈચ્છે છે કે સિસ્ટમ યોગ્ય રીતે કામ કરે. તેઓ ન્યાય, મેરિટ, નોકરીની તકો અને સરકારી નોકરીઓ સુધી સમાન પહોંચ ઈચ્છે છે. આપણે આપણા યુવાનોને આ બધું આપી શક્યા નથી.

### રામ મંદિરમાં ચોરી મામલે વિપક્ષનું અનોખું પ્રદર્શન

# પૂજારી બન્યા સાંસદ પપ્પુ યાદવ, રાહુલ ગાંધીએ આપ્યું દાન, પછી દાનપેટી લઈને ભાગ્યા સાંસદ

■ રાહુલ ગાંધી સહિત ઘણા વિરોધ પક્ષના સાંસદોએ તેમાં દાન આપ્યું. સાથે જ સાંસદો બેનર લઈને પહોંચ્યા હતા જેમાં 'અમિત શાહ સંસદમાંથી ગાયબ કેમ?' લખેલું હતું.



નવી દિલ્હી

વિરોધ પક્ષના સાંસદોએ શુક્રવારે સંસદ પરિસરમાં રામ મંદિરના દાન ચોરી મામલે વિરોધ પ્રદર્શન કર્યું. સાંસદ પપ્પુ યાદવ પૂજારીના વેશમાં દાનપેટી લઈને પહોંચ્યા હતા. રાહુલ ગાંધી સહિત ઘણા વિરોધ પક્ષના સાંસદોએ તેમાં દાન આપ્યું. સાથે જ સાંસદો બેનર લઈને પહોંચ્યા હતા જેમાં 'અમિત શાહ સંસદમાંથી ગાયબ કેમ?' લખેલું હતું. લોકસભાની કાર્યવાહી આજે 11 વાગ્યે શરૂ થઈ. પરંતુ વિપક્ષના હોબાળાને કારણે લોકસભાને 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. બાદમાં 12 વાગ્યે કાર્યવાહી ફરીથી શરૂ કરવામાં આવી. આજે લોકસભામાં જન્મ-મૃત્યુ નોંધણી (સુધારા) બિલ, 2026 પસાર થયું. કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયે તેનો પ્રસ્તાવ મૂક્યો. વિપક્ષના હોબાળા વચ્ચે લોકસભા- રાજ્યસભાની કાર્યવાહી 3 ઓગસ્ટ સુધી સ્થગિત કરવામાં આવી છે. બિહારના પૂર્ણિયાથી સાંસદ પપ્પુ યાદવે અયોધ્યા રામ મંદિરના દાનમાં કથિત ગેરરીતિના મુદ્દે સંસદ પરિસરમાં પ્રદર્શન કર્યું. પપ્પુ યાદવ સાધુના વેશમાં પહોંચ્યા હતા અને સંસદ પરિસરની બહાર બેસી ગયા.

### અનોખા વિરોધ પ્રદર્શનોના માહિર છે પપ્પુ યાદવ

સાંસદ પપ્પુ યાદવનું આ કોઈ પહેલું અનોખું વિરોધ પ્રદર્શન નથી. આ પહેલાં પણ તેઓ પોતાના અલગ-અલગ અવતારોથી રાજકીય ગલિયારામાં ચર્ચામાં રહી ચૂક્યા છે. અગાઉ તેમણે વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જના વિરોધમાં સંસદ ભવન બહાર શરીર પર પટ્ટીઓ બાંધીને ઈજાગ્રસ્ત અને લાઠીચાર્જ પીડિતનો વેશ ધારણ કરીને વિરોધ નોંધાવ્યો હતો. આ ઉપરાંત, મે 2026માં પપ્પુ યાદવ પૂર્ણિયાના જલાલગઢ સ્થિત એક ખાનગી શાળામાં અચાનક શિક્ષક બનીને ક્લાસરૂમમાં પહોંચી ગયા હતા, જ્યાં તેમણે બાળકોને નૈતિકતા અને જીવનના પાઠ ભણાવ્યા હતા.

### ચૂંટણી કમિશનરોની નિમણૂક પર સરકારની દલીલ

# PM લોકશાહી વિરુદ્ધ જશે, તે વિચારવું ખોટું છે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી

મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) અને ચૂંટણી કમિશનરો (EC) ની નિમણૂક સંબંધિત મામલામાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો. અદાલત હવે નક્કી કરશે કે નિમણૂક પ્રક્રિયાને નિયંત્રિત કરતા 2023 ના કાયદાને પડકારતી અરજીઓને સુનાવણી માટે પાંચ સભ્યોની બેન્ચ પાસે મોકલવામાં આવે કે નહીં. આ કાયદાનો બચાવ કરતા કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી કે- એવું માની લેવું ખોટું હશે કે પસંદગી સમિતિમાં સંખ્યાબળ હોવાને કારણે વડાપ્રધાન અને મંત્રીઓ 'ખરાબ ઈરાદા'થી કામ કરશે અથવા લોકશાહી વિરુદ્ધ જશે. કેન્દ્ર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચને કહ્યું કે જો વડાપ્રધાનના નિર્ણયને ભરોસાપાત્ર માનવામાં નહીં આવે, તો શું કેબિનેટની પસંદગી કરતી વખતે પણ તેમને કોઈ પૂર્વ ન્યાયાધીશ કે બાહ્ય વ્યક્તિની સલાહ લેવાની શરત રાખવામાં આવશે? સોલિસિટર જનરલ તુષાર મહેતાની આ દલીલ પર જસ્ટિસ દત્તાએ કહ્યું કે અદાલત વડાપ્રધાન પર ભરોસો કરતી નથી, એવો સવાલ જ નથી. તેમણે કહ્યું- અમે વડાપ્રધાન પર ભરોસો કેમ નહીં કરીએ? ચોક્કસપણે કરીશું. તેમણે એ પણ યાદ અપાવ્યું કે પહેલા પણ સુપ્રીમ કોર્ટે વડાપ્રધાન પર ભરોસો વ્યક્ત કર્યો હતો કે ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોને મંત્રી બનાવવામાં આવશે નહીં. જસ્ટિસ દત્તાએ કહ્યું કે અસલી મુદ્દો એ છે કે ચૂંટણી કમિશનર સ્વતંત્ર વ્યક્તિ હોવો જોઈએ. તેમણે પૂછ્યું કે શું પસંદગી સમિતિમાં એવા લોકો ન હોવા જોઈએ, જેનાથી નિષ્પક્ષતા દેખાય પણ ખરી. અમે એવું નથી કહી રહ્યા કે આ સમિતિએ નિષ્પક્ષતા હાંસલ કરી નથી, પરંતુ હવે સ્થિતિ 2:1 ની છે.

# આસામમાં પૂરનો કેર: મૃત્યુઆંક વધીને 80 થયો, 8 જિલ્લામાં 2.12 લાખથી વધુ લોકો સંકટમાં!

ડીસપુર

આસામમાં પૂરની સ્થિતિ અત્યંત ગંભીર બની રહી છે. રાજ્યના 8 જિલ્લાઓમાં 2,12,441 થી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. જ્યારે આ વર્ષે પૂરના કારણે મૃત્યુ પામનારાઓની કુલ સંખ્યા વધીને 80 થઈ ગઈ છે. આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણ (ASDMA) ના અધિકારીઓએ શુક્રવારે આ માહિતી આપી છે. પૂરથી પ્રભાવિત વિસ્તારો અને નુકસાનની વિગતો ASDMA ના જણાવ્યા અનુસાર, ગોલાઘાટ, શિવસાગર, વિશ્વનાથ, ચરાઈદેવ, કામરૂપ (મેટ્રો), જોરહાટ, ધેમાજી અને નાગાંવ જિલ્લાઓમાં કુલ 2,12,441 લોકો પૂરની ઝપેટમાં છે. આ કુદરતી આપત્તિએ 21 મહેસૂલ મંડળો (રેવન્યુ સર્કલ) અંતર્ગત 437 ગામોને પ્રભાવિત કર્યા છે. જ્યારે પૂરના પાણી ફરી વળવાથી 17,198.09 હેક્ટર જમીનમાં ઊભેલો પાક બગડી ગયો છે.

# IB ઓફિસર અંકિત શર્મા હત્યા કેસમાં પૂર્વ આપ કોર્પોરેટર તાહિર હુસૈન સહિત 5ને આજીવન કેદ

નવી દિલ્હી

વર્ષ 2020ના દિલ્હી રમખાણો દરમિયાન ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)ના કર્મચારી અંકિત શર્માની ક્રૂરતાપૂર્વક કરવામાં આવેલી હત્યાના કેસમાં દિલ્હીની કરકરડૂમા કોર્ટે શુક્રવારે (31 જુલાઈ 2026) મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે આમ આદમી પાર્ટીના પૂર્વ કાઉન્સિલર તાહિર હુસૈન અને અન્ય 4 દોષિતોને આજીવન કેદની સજા સંભળાવી છે. કોર્ટે કહી આકરી વાતો: 'માત્ર ધર્મના આધારે જાનવરની જેમ મૃતદેહને ઘસડવામાં આવ્યો' સજા સંભળાવતી વખતે અદાલતે ચુકાદામાં જે અવલોકનો કર્યા તે અત્યંત ગંભીર અને કંપારી છૂટી જાય તેવા છે. કરકરડૂમા કોર્ટે નોંધ્યું કે આ હત્યા ઉત્તર-પૂર્વ દિલ્હીમાં ફાટી નીકળેલા સાંપ્રદાયિક રમખાણો દરમિયાન આચરવામાં આવી હતી અને આ ગુનો માત્ર અને માત્ર પીડિતના ધર્મના આધારે જ અત્યંત નિર્દયતાથી કરવામાં આવ્યો હતો.

# AMC અને બિલ્ડરોની સાંઠગાંઠે ગુમ કર્યું હંસપુરાનું સ્મશાન!

## જાણીતા નેતાના ભત્રીજા અને કોર્પોરેટરના સગા માટે આખું સ્મશાન જમીનદોસ્ત: કરોડોની ઓફરે ગામમાં પાડ્યા ફાટા

અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકા (AMC), ભ્રષ્ટ રાજકારણીઓ અને ભૂમાફિયાઓની અંદરોઅંદરની સાંઠગાંઠનો એક એવો સનસનાટીભર્યો ખુલાસો સામે આવ્યો છે, જેણે સમગ્ર અમદાવાદને હચમચાવી મૂક્યું છે. અમદાવાદ શહેરમાં ભળી ગયેલા નરોડા પાસેના હંસપુરા ગામના 'સરવે નંબર ૩'ની જમીન પર આવેલું વર્ષો જૂનું સ્મશાન માનીતા બિલ્ડરોને ફાયદો કરાવવા માટે રાતોરાત ગુમ કરી દેવામાં આવ્યું છે! સુરતમાં ગાજેલા ચર્ચિત નાસીરનગર કાંડની તર્જ પર આ 'ગોસ્ટ ડિમોલિશન'નો કાળો ખેલ પાર પાડવામાં આવ્યો છે.




### દાનમાં મળેલી પવિત્ર જમીન પર બિલ્ડરોની કાળી નજર

વર્ષો પહેલાં હંસપુરા ગામના જ એક ઉદાર દિલ વ્યક્તિએ ગામલોકોને પોતાના સ્વજનોના અંતિમસંસ્કાર માટે પૂરતી જગ્યા મળી રહે તે માટે પોતાની ખાનગી માલિકીની 'સરવે નંબર ૩' વાળી જમીન ગ્રામ પંચાયતને સ્મશાન બનાવવા માટે દાનમાં આપી હતી. દાનમાં મળેલી જમીન પર શેડ બન્યો અને વર્ષો સુધી ગામલોકો ત્યાં પોતાના સ્વજનોને અંતિમ વિદાય આપતા રહ્યા.

પરંતુ સમય જતાં જમીનના ભાવ વધ્યા અને માનવતા નેવે મુકાઈ ગઈ! હંસપુરા આસપાસ મોટી-મોટી પ્રાઈમ રેસિડેન્શિયલ હાઉસિંગ સ્કીમો બનવા લાગી. અહીં બિલ્ડરો સામે મોટો પ્રશ્ન એ ઊભો થયો કે 'સ્મશાનની બિલકુલ નજીક ઘર બનશે તો લેશે કોણ?' આજુબાજુની જમીનના ભાવ ઓછા બોલાતા હોવાથી કેટલાક બિલ્ડરોએ આ 'આફતને અવસરમાં' બદલવાનો પ્લાન ઘડ્યો. સૂત્રો અનુસાર, આ રમત પાછળનો એક બિલ્ડર એક જાણીતા નેતાનો ભત્રીજો છે, જ્યારે બીજો બિલ્ડર સ્થાનિક કોર્પોરેટરના વેવાઈનો સગો થાય છે!

### દબાણપૂર્વક સહીઓ કરાવી અને કોરોના કાળના લોકડાઉનમાં ચાલ્યું બુલડોઝર

આ કિંમતી જમીન પચાવી પાડવા માટે યેનકેન પ્રકારે એ વિસ્તારના કોર્પોરેટરોની એક સંયુક્ત પત્ર પર સહીઓ લઈ લેવામાં આવી. જાણવા મળ્યું છે કે આ પૈકી એક કોર્પોરેટર પાસે તો બળજબરીથી દબાણ લાવીને સહી કરાવાઈ હતી. પત્રમાં લખાણ એવું ઊભું કરાયું કે 'નરોડા સ્મશાન અને હંસપુરા સ્મશાન ખૂબ જ નજીક છે, તેથી હંસપુરા ગામમાં સ્મશાનની કોઈ જરૂર નથી.' સૌથી ચોંકાવનારો વળાંક 2020માં આવ્યો. જ્યારે સમગ્ર દેશ અને શહેર કોરોનાની ભયાનક મહામારી સામે ઝઝૂમી રહ્યું હતું અને લોકો ઘરોમાં કેદ હતા, ત્યારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સરકારી અધિકારીઓની હાજરીમાં આ સ્મશાન પર બુલડોઝર ફેરવી દેવાયું! આરોપ છે કે મ્યુનિસિપલ કોર્પોરેશને કોર્પોરેટરે લખેલા પત્રનો સત્તાવાર કોઈ આદેશ કે જવાબ આવે તે પહેલાં જ આ કાર્યવાહી પતાવી દીધી હતી. લોકડાઉન હોવાથી આ મુદ્દો મીડિયા કે જાહેર ચર્ચામાં ન આવી શક્યો.

### ગામલોકોનો લડાયક આક્રોશ, રૂ. 5 લાખનો ફાળો અને બિલ્ડરોની રૂ. 2 કરોડની લાલચ!

આ અન્યાય સામે હંસપુરાના લોકોએ સહેલાઈથી હાર ન માની. સ્વજનોની અંતિમવિધિ થતી હોય એ જગ્યાને બચાવવા માટે ગામલોકો ફરી એકઠા થયા અને ગામમાંથી ફાળો ઉઘરાવ્યો. જોતજોતામાં 5 લાખ રૂપિયાથી વધુની રકમ એકઠી થઈ ગઈ. આ પૈસાથી ગામલોકોએ ફરીથી સ્મશાનમાં શેડ ઊભો કર્યો અને અંતિમસંસ્કાર શરૂ કર્યા. પરંતુ તંત્ર અને બિલ્ડરોની સાઠગાંઠ એટલી મજબૂત હતી કે બીજી વાર પણ બાંધકામ તોડી પાડવામાં આવ્યું, જેથી લોકોનો વિરોધ ધીમો પડી ગયો. જ્યારે વિરોધ સાવ શાંત ન થયો, ત્યારે બિલ્ડર્સે એક નવો કાળો ખેલ ખેલ્યો. બિલ્ડરોએ ગામમાં બેઠક કરીને ગામના વિકાસ માટે રૂ. 2 કરોડ આપવાની ઓફર કરી! પરંતુ આ જ 2 કરોડ રૂપિયાના ચક્કરમાં ગામમાં અંદરોઅંદર વિખવાદ શરૂ થઈ ગયો. 2 કરોડ રૂપિયા કઈ કમિટી સંભાળશે તે મુદ્દે ગામના લોકો અંદરોઅંદર ઝઘડવા લાગ્યા અને સ્મશાનનો મૂળ મુદ્દો બાજુ પર રહી ગયો. હકીકત એ છે કે આટલા વર્ષો પછી પણ આજદિન સુધી ન તો કોઈ કમિટી બની છે, કે ન તો ગામના વિકાસ માટે એક રૂપિયો વપરાયો છે!

### પાક્કો ગુજરાતના આકરા સવાલો

1. સત્તાવાર આદેશ વગર કોરોનાના લોકડાઉનમાં સ્મશાન પર બુલડોઝર ફેરવવાની હિંમત કોના ઈશારે થઈ?
2. નેતાના ભત્રીજા અને કોર્પોરેટરના સગા જેવા માનીતા બિલ્ડરોને કરોડોનો ફાયદો પહોંચાડવા બદલ AMCના કયા અધિકારીઓએ ખિસ્સા ભર્યા?
3. શું સુરતના નાસીરનગર કાંડની જેમ જ અમદાવાદના આ 'ગોસ્ટ ડિમોલિશન' મામલે જવાબદારો સામે ફોજદારી કાર્યવાહી થશે ખરી?
4. પાક્કો ગુજરાત ન્યૂઝ આ સમગ્ર જમીન કૌભાંડનો પર્દાફાશ કરીને ભ્રષ્ટ અધિકારીઓ અને બિલ્ડરોની પોલ ખોલવાનું ચાલુ જ રાખશે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# પાલનપુરમાં કાટમાળમાંથી 'ખજાનો' નીકળ્યો! ચાંદીના સિક્કા મેળવવા લોકોની ભારે પડાપડી

પાલનપુર

બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુરમાંથી એક એવી અજબ-ગજબ ઘટના સામે આવી છે, જેણે સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચાવી દીધી છે! માનસરોવર રોડ નજીક આવેલી ખુલ્લી જગ્યામાં ઠાલવવામાં આવેલા કાટમાળમાંથી અચાનક ચાંદીના સિક્કા મળી આવતા લોકોમાં સિક્કા વીણવા માટે અફરાતફરી અને ભારે પડાપડીનો માહોલ સર્જાયો છે. મળતી વિગતો મુજબ, પાલનપુરના માનસરોવર વિસ્તાર નજીક આવેલી ખુલ્લી જગ્યામાં તાજેતરમાં જ કોઈ જૂના ઘર કે દુકાનનો કાટમાળ (ડીમોલિશનનો કચરો) ટ્રેક્ટર કે ડમ્પર મારફતે ઠાલવવામાં આવ્યો હતો. આ કાટમાળમાં અચાનક સ્થાનિકોને ચાંદીના પ્રાચીન/જૂના સિક્કા દેખાતા વાત વાયુવેગે પ્રસરી ગઈ હતી.

જોતજોતામાં તો આસપાસના લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. સ્ત્રીઓ, પુરુષો અને બાળકો–જેના હાથમાં જે આવ્યું તે સાધન લઈને કાટમાળ ખૂંદવા લાગ્યા હતા! કોઈ ધૂળ ખંખેરીને સિક્કા શોધતું નજરે પડ્યું તો કોઈ કાટમાળના પથ્થરો હટાવીને 'નસીબ' અજમાવતું જોવા મળ્યું હતું.

# સિહોર પંથક બન્યું ખનીજ ચોરીનું એપીસેન્ટર! ખાણ-ખનીજ અને પોલીસનું માફિયાઓ સાથે ખુલ્લું 'સેટિંગ'

ભાવનગર

ભાવનગર જિલ્લાનું સિહોર પંથક હાલ ખનીજ માફિયાઓ માટે 'સોનાની ખાણ' અને કાળા કારોબારનું મુખ્ય એપીસેન્ટર બની ચૂક્યું છે! નદી-નાળા અને સરકારી જમીનોમાંથી રાત-દિવસ કરોડો રૂપિયાની રેતી અને ખનીજની બિનધિકૃત રીતે ચોરી થઈ રહી છે, છતાં ખાણ-ખનીજ વિભાગ અને સ્થાનિક પોલીસ તંત્ર આંખ આડા કાન કરીને કુંભકર્ણની નિંદ્રામાં પોઢી રહ્યું છે. આ કોઈ સાધારણ બેદરકારી નથી, પરંતુ તંત્ર અને માફિયાઓ વચ્ચેના મોટા આર્થિક 'સેટિંગ'નો ખુલ્લેઆમ ખેલ ખલાઈ રહ્યો હોવાના સનસનાટીભર્યા આરોપો ઉઠ્યા છે! સિહોર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે. હાઈટેક જેસીબી, પોકલેન્ડ મશીનો અને ઓવરલોડેડ ડમ્પરો દ્વારા ખાણો અને નદીના પટ ખોતરીને દિવસ-રાત કાળો કારોબાર ધમધમી રહ્યો છે: સરકારી તિજોરીને ફટકો: દર મહિને કરોડો રૂપિયાની રોયલ્ટી ચોરી કરીને ખનીજ માફિયાઓ પોતાના ખિસ્સા ભરી રહ્યા છે અને સરકારને કરોડો રૂપિયાનું ખાંડણ-ખોદણ કરીને ચૂનો લગાવી રહ્યા છે. રોડ-રસ્તાનો ભુકુડો: ક્ષમતા કરતા વધારે ભરેલા અતિશય ઓવરલોડ ડમ્પરોના કારણે ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ ધૂળધાણી થઈ ગયા છે, જેનાથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પુકારી ઊઠ્યા છે. પર્યાવરણનો વિનાશ: કાયદા-કાનૂનની એસીતૈસી કરીને નદીઓના પટમાં ઊંડા ખાડા પાડી દેવાયા છે, જેનાથી ભૂગર્ભ જળસ્તર અને પર્યાવરણને ક્યારેય ન પુરાય તેવું નુકસાન થઈ રહ્યું છે. સૌથી મોટો અને ગંભીર સવાલ એ છે કે, જે રસ્તાઓ પરથી દિવસ-રાત સો સેંકડો ડમ્પરો પસાર થાય છે, તે રસ્તાઓ પર તંત્રના અધિકારીઓને આ ગેરકાયદે ખેલ કેમ દેખાતો નથી?

# સાયબર ફ્રોડનો ફરાર આરોપીને જેતલસર ચોકડી પાસેથી દબોચી લેતી રાજકોટ ગ્રામ્ય LCB

જેતપુર, સુરેશ ભાલીયા

ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રૂપિયા ૭૯,૭૧,૦૬૮ના મોટા સાયબર ફ્રોડના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચે (એલસીબી) બાતમીના આધારે જેતપુર તાલુકાના જેતલસર ચોકડી પાસેથી ઝડપી પાડ્યો છે. આ ગુનામાં સંડોવાયેલા આરોપીને નામદાર કોર્ટે ફરાર જાહેર કર્યો હતો. ઉપલેટા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૩૧૮(૪), તથા આઈ.ટી. એક્ટ કલમ ૬૬(સી), ૬૬(ડી) મુજબના ગુનાના ફરિયાદી સાથે કુલ રૂ. ૭૯,૭૧,૦૬૮/- નું સાયબર ફ્રોડ થયેલ હતું. આ કામે ફ્રોડમાં ગયેલ નાણા આશિષ સુરેશચંદ્ર શેઠ (રહે. રાજકોટ) વાળાના બેંક એકાઉન્ટમાં જમા થયેલ હતા. જેથી ગુનાના આશિષ શેઠની ધરપકડ કરી તપાસ દરમિયાન જાણવા મળેલ કે, ફ્રોડમાં ગયેલ નાણાં, નયન કાંતીભાઈ ટીલવા (રહે. જુનાગઢ) તથા જગદીશ રવજીભાઈ કોટડીયા (રહે. અમદાવાદ) તથા નીલેશ વેકરીયા (રહે. રાજકોટ) વાળાએ સાથે મળીને એક્સિસ બેંકમાં એકાઉન્ટ નામે પેઢી ખોલાવી, મેનવિસ એન્ટરપ્રાઈઝ એકાઉન્ટની કીટ (પાસબુક, એટીએમ કાર્ડ, ચેકબુક, સીમકાર્ડ) સાયબર ફ્રોડમાં ઉપયોગ કરવા સારું મુંબઈ ખાતે આપેલ હતી. ત્યારબાદ સાયબર ફ્રોડ આચરી આરોપીઓ ભેગા મળીને ફ્રોડના નાણા ઉપરોક્ત પેઢીના એકાઉન્ટમાં જમા કરાવતા હતા.

# જંબુસજના કાવી ગામમાં મોટો અકસ્માત ટળ્યો..! : જૂના મકાનની દિવાલ ધરાશાયી

ભરૂચ/જંબુસર

ચોમાસાની ઋતુ વચ્ચે ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં આવેલા કાવી ગામમાં એક મોટી હોનારત થતા થતા રહી ગઈ છે! ગામના ગીચ ગણાતા મોટા ચકલા વિસ્તારમાં આવેલા એક જૂના મકાનનો મોટો ભાગ અચાનક કડાકાભેર ધરાશાયી થતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. સદનસીબે ઘટના સમયે ઘરમાં કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી છે, પરંતુ કિંમતી ઘરવખરી અને સામાન કાટમાળ નીચે દબાઈ જતાં ભારે આર્થિક નુકસાન પહોંચ્યું છે. મોટા ચકલાની 'માલજીવાલા ખડકી'માં સર્જાયો ભયાવહ દ્રશ્ય! મળતી વિગતો અનુસાર, કાવી ગામના મોટા ચકલા વિસ્તારમાં આવેલી માલજીવાલા ખડકીમાં રહેતા યુસુફ માલજીવાલાના ઘરમાં આ દિલધડક ઘટના બની હતી. જર્જરિત થઈ ગયેલા આ મકાનની દિવાલ અને ઉપરનો એક ભાગ અચાનક ધડાકાભેર તૂટી પડ્યો હતો. ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના રહીશો દોડી આવ્યા હતા. ધૂળના ગોટેગોટા વચ્ચે લોકો કાઈ સમજે તે પહેલાં તો આખું ઘર જમીનદોસ્ત થઈ ચૂક્યું હતું.

## વિકસિત ભારત 2047ના વિઝન પર થઈ વિસ્તૃત ચર્ચા

# કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાનો 'MP LEAD ફેલોશિપ'ના યુવા ફેલો સાથે સંવાદ

## સમયનો સદુપયોગ અને તણાવમાં સંયમ એ જ સફળ નેતૃત્વની ઓળખ: કેન્દ્રીય રાજ્ય મંત્રી

એસ.કુમાર । અમદાવાદ




રાજ્યસભા સાંસદ ડૉ. અજીત ગોપછડે દ્વારા શરૂ કરવામાં આવેલી નવીન પહેલ 'MP LEAD ફેલોશિપ' અંતર્ગત પસંદગી પામેલા 40 યુવા ફેલોએ કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ રાજ્ય મંત્રી નિમુબેન જયંતિભાઈ બાંભણિયાના સરકારી આવાસ પર તેમની સાથે ઔપચારિક અને વિચારપ્રેરક સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમનો હેતુ દેશના પ્રતિભાશાળી યુવાનોને સંસદીય પ્રક્રિયાઓ, વહીવટી કાર્યપ્રણાલી અને જાહેર નીતિ ઘડતરની વ્યવહારિક સમજ આપવાનો છે.

રાજ્ય મંત્રી સાથેના સંવાદ દરમિયાન યુવા ફેલોએ મહિલા નેતૃત્વ, જાહેર વિતરણ પ્રણાલી (PDS), જાહેર નીતિ, પારદર્શી શાસન, આપત્તિ વ્યવસ્થાપન અને વિકસિત ભારત 2047ના વિઝન સાથે જોડાયેલા વિવિધ વિષયો પર પ્રશ્નો પૂછ્યા હતા. કેન્દ્રીય રાજ્ય મંત્રીએ પોતાના અનુભવો શેર કરતા લોકસેવા, સુશાસન, પારદર્શિતા અને જનકલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા પર વિગતવાર પ્રકાશ પાડ્યો હતો.

મહિલા નેતૃત્વ સંબંધિત પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, રાજકારણ એ માત્ર હોદ્દો મેળવવાનું માધ્યમ નથી, પરંતુ સમાજના છેવાડાના વ્યક્તિના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું સશક્ત માધ્યમ છે. તેમણે મહિલાઓની આર્થિક આત્મનિર્ભરતાને સશક્ત સમાજની આધારશિલા ગણાવતા સ્વસહાય જૂથો અને 'લખપતિ દીદી' અભિયાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે યુવાનોને પ્રામાણિકતા, સતત શીખવાની ભાવના અને જનતાના વિશ્વાસને જાહેર જીવનની સૌથી મોટી મૂડી માનવા આહ્વાન કર્યું હતું.

જાહેર જીવનમાં આવવા ઈચ્છુક યુવાનોને સંબોધતા તેમણે કહ્યું કે શરૂઆતના પાંચ વર્ષ શીખવાના, સાંભળવાના અને સમાજ સાથે જોડાવાના હોવા જોઈએ. તેમણે યુવાનોને સલાહ આપી કે તેઓ ગ્રાઉન્ડ લેવલ પર જઈને લોકોની સમસ્યાઓને સમજે, તથ્યોના આધારે પોતાની વાત રજૂ કરે અને સમય વ્યવસ્થાપનને પોતાની કાર્યશૈલીનો અભિન્ન ભાગ બનાવે.

કટોકટીની પરિસ્થિતિઓમાં નિર્ણય લેવા સંબંધિત પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે કોઈપણ લોકશાહી વ્યવસ્થામાં નિર્ણય લેતી વખતે પહેલી પ્રાથમિકતા જનહિત, બીજી પ્રાથમિકતા નૈતિક મૂલ્યો અને ત્રીજી પ્રાથમિકતા વ્યવહારિક પરિસ્થિતિઓનું યોગ્ય આકલન હોવું જોઈએ. તેમણે કહ્યું કે કોવિડ-19 મહામારી દરમિયાન ભારતે આ જ અભિગમ સાથે અસરકારક નિર્ણયો લીધા હતા.

આપત્તિ વ્યવસ્થાપન અને દુર્ગમ વિસ્તારોમાં અન્ન પુરવઠાની ઉપલબ્ધતા અંગે તેમણે જણાવ્યું હતું કે, સંકટ ગમે તેટલું મોટું હોય,દરેક ગરીબ સુધી રાશન પોંહચે . તેમણે માહિતી આપી હતી કે ,ચોમાસા દરમિયાન પહાડી અને દુર્ગમ વિસ્તારોમાં ત્રણ મહિનાનું એડવાન્સ રાશન પૂરું પાડવામાં આવે છે. જમ્મુ-કાશ્મીર અને અસમ જેવા રાજ્યોમાં પૂર અને અન્ય આપત્તિઓ દરમિયાન જરૂરિયાત મુજબ વૈકલ્પિક માધ્યમોથી પણ દૂરના વિસ્તારો સુધી રાશન પહોંચાડવામાં આવ્યું હતું, જેથી કોઈ પણ પાત્ર લાભાર્થીને મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

જાહેર વિતરણ પ્રણાલીમાં પારદર્શિતા લાવવા માટે કરવામાં આવેલા સુધારાઓ પર પ્રકાશ પાડતા કેન્દ્રીય રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે આધાર સાથે જોડાયેલા e-POS મશીનો, 'વન નેશન, વન રાશન કાર્ડ' (ONORC), AI આધારિત 'આશા પોર્ટલ' અને 'મેરા રાશન' મોબાઈલ એપના માધ્યમથી રાશન વિતરણ પ્રણાલીને વધુ પારદર્શી, જવાબદાર અને લાભાર્થી-કેન્દ્રિત બનાવવામાં આવી છે. તેમણે કહ્યું કે આ પહેલોથી ગેરરીતિઓ પર અસરકારક નિયંત્રણ આવ્યું છે અને ફરિયાદોના ઝડપી નિવારણમાં પણ મદદ મળી છે. તેમણે ઉમેર્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'વન નેશન, વન રાશન કાર્ડ' દેશની ખાદ્ય સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવનારી એક મહત્વપૂર્ણ પહેલ સાબિત થઈ છે. વિકસિત ભારત 2047ના વિઝન પર પોતાના વિચારો રજૂ કરતા કેન્દ્રીય રાજ્ય મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વર્ષ 2047 સુધીમાં ભારતની જાહેર વિતરણ પ્રણાલી પારદર્શિતા, ટેકનોલોજી, વિશ્વાસ અને સેવાભાવના આધારે વિશ્વ સમક્ષ એક ઉત્કૃષ્ટ મોડેલ તરીકે સ્થાપિત થશે. આ પ્રસંગે રાજ્યસભા સાંસદ ડૉ. અજીત ગોપછડે જણાવ્યું હતું કે 'MP LEAD ફેલોશિપ'નો હેતુ યુવાનોને નીતિ-નિર્માણ પ્રક્રિયા અને ટોચના નેતૃત્વની કાર્યશૈલીને નજીકથી સમજવાની અને શીખવાની તક પૂરી પાડવાનો છે, જેથી તેઓ વિકસિત ભારતના નિર્માણમાં અસરકારક ભૂમિકા ભજવી શકે.

## પોલીસ હપ્તાખોરીમાં મસ્ત અને દારૂનો કાળો કારોબાર બુલંદ!

# વડોદરામાં કારેલીબાગ પોલીસ સામે યુવકની આક્રમક ચીમકી: "દારૂ બંધ નહીં થાય તો પોલીસ સ્ટેશન બહાર જ દારૂ વેચીશ!"

વડોદરા, (પવન માકન)

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના ધજાગરા ઉડાવતો વધુ એક સણસણતો કિસ્સો સંસ્કારી નગરી વડોદરામાંથી સામે આવ્યો છે. શહેરના કારેલીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઠેર-ઠેર દેશી-વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. ખાખીના આશીર્વાદથી ખૂલેઆમ ચાલી રહેલા આ કાળા કારોબાર સામે હવે સ્થાનિક જનતા અને યુવાનોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. તંત્રને કુંભકર્ણની નિંદ્રામાંથી જગાડવા માટે એક સ્થાનિક યુવકે કારેલીબાગ પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો છે કે જો વિસ્તારમાં શરાબનું અડ્ડાબાજી અને વેચાણ બંધ નહીં થાય, તો તે ખુદ પોલીસ સ્ટેશનની બહાર જ દારૂનું વેચાણ કરીને અનોખો અને ઘાતક વિરોધ નોંધાવશે!




સ્થાનિક સૂત્રો અને રહીશોના ગંભીર આક્ષેપો મુજબ, કારેલીબાગ વિસ્તારની ગલીએ-ગલીએ દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે, પરંતુ પોલીસ પેટનું પાણી પણ હલાવતી નથી. પોલીસ ઈન્સ્પેક્ટર (PI) સહિતના જવાબદાર અધિકારીઓને માત્ર માસિક 'હપ્તા' લેવામાં જ રસ હોય તેમ લાગી રહ્યું છે.

દારૂના દૂષણથી અસંખ્ય પરિવારો બરબાદ થઈ રહ્યા છે અને સ્થાનિકોમાં એ વાતનો ભારે ડર છે કે જો આ કાળો કારોબાર આમ જ ચાલતો રહ્યો, તો વડોદરામાં પણ કોઈ મોટો 'લઠાકાંડ' સર્જાતા વાર નહીં લાગે. શું પોલીસ કોઈ નિર્દોષોના મોતની રાહ જોઈ રહી છે?

કારેલીબાગ વિસ્તારના સ્થાનિકો અને યુવકોએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે: 'અમે અનેકવાર રજૂઆતો કરી ચૂક્યા છીએ, પરંતુ પોલીસ અને બુટલેગરોની સાંઠગાંઠ એટલી મજબૂત છે કે કોઈ કડક પગલાં લેવાતા નથી. જો તંત્ર દારૂના અડ્ડા બંધ કરાવવામાં નિષ્ફળ રહેશે, તો અમારે જાતે જ બુટલેગર બનીને પોલીસ સ્ટેશનના દરવાજે શરાબ વેચવા બેસવું પડશે. જેથી આંધળા અને બહેરા તંત્રને ખબર પડે કે તેમના નાક નીચે શું ચાલી રહ્યું છે!'

શહેર પોલીસ કમિશનરશ્રી ધ્યાન આપશે? શું કારેલીબાગ PI અને તેમની ટીમ સામે તપાસ કરીને દારૂના અડ્ડા ચલાવતા બુટલેગરો પર બુલડોઝર ફેરાવાશે?

હપ્તાખોરી બંધ ક્યારે થશે? કાયદો અને વ્યવસ્થા જાળવવાની જેની જવાબદારી છે, તે જ ખાખી જો બુટલેગરોની સરપંચ બનશે તો નાગરિકો ક્યાં જશે?

વડોદરાના યુવકની આ ચીમકી બાદ હવે કારેલીબાગ પોલીસ સ્ટેશન અને સમગ્ર પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. જો આગામી દિવસોમાં કડક કાર્યવાહી નહીં કરાય તો વડોદરાની ધરતી પર પોલીસ સ્ટેશન બહાર જ વિરોધનો અનોખો ધમાકો જોવા મળશે!

# વડોદરાના ફતેપુરામાં ભયાનક હોનારત : જૂનું જર્જરિત મકાન ધડાકાભેર ધરાશાયી, કાટમાળ નીચે વાહનો દબાયા!

વડોદરા

વડોદરા શહેરના અતિ વ્યસ્ત એવા ફતેપુરા-યાકુતપુરા મેઈન રોડ પર મોડી સાંજે એક જૂના અને અત્યંત જર્જરિત મકાનનો મોટો ભાગ અચાનક ધડાકાભેર ધરાશાયી થયો હતો. મકાનનો ભારેખમ કાટમાળ સીધો ચાલુ રસ્તા પર પછડાતાં સમગ્ર વિસ્તારમાં ભારે ધાંધલ-ધમાલ અને નાસભાગનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં રસ્તા પર ઊભેલી એક રિક્ષા તેમજ બે ટુ-વ્હીલર કાટમાળ નીચે દબાઈ જતાં તેમનો કૂચડો બોલી ગયો હતો. જોકે, સદ્નસીબે કોઈ મોટી જાનહાનિ સર્જાઈ નહોતી. ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. મકાનના ધરાશાયી થયેલા ભાગો નજીકથી પસાર થતી મુખ્ય વીજ લાઈન પર પડેલા હોવાથી મોટી દુર્ઘટના કે શોર્ટ સર્કિટ ન થાય તે માટે ત્વરિત એમજીવીસીએલ (MGVCL)ને જાણ કરવામાં આવી હતી. વીજ કંપનીએ સુરક્ષાના ભાગરૂપે સમગ્ર વિસ્તારનો વીજ પુરવઠો તાત્કાલિક ધોરણે બંધ કરી દીધો હતો. ત્યારબાદ ફાયર બ્રિગેડ દ્વારા સ્થળની તપાસ કરી કાટમાળ દૂર કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. મકાનનો કાટમાળ મુખ્ય રસ્તા પર ફેલાઈ જવાથી ફતેપુરા-યાકુતપુરા મેઈન રોડ પર વાહનવ્યવહાર પૂરેપૂરો ઠપ થઈ ગયો હતો. ઘટનાના પગલે રસ્તાની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ભારે ટ્રાફિકજામના દશ્યો સર્જાયા હતા.

## વિકાસની મોટી મોટી વાતોના દાવાઓ વચ્ચે

# ડભોઇ વન વિભાગની કચેરી 5 વર્ષથી જર્જરીત : અધિકારીઓ ઝૂંપડીમાંથી વહીવટ ચલાવવા મજબૂર

ડભોઇ

વિકાસની મોટી મોટી વાતો અને 'ગુજરાત મૉડેલ'ના ડંકા વાગતા દાવાઓ વચ્ચે ડભોઇ તાલુકામાંથી એક ચોંકાવનારી અને શરમજનક વાસ્તવિકતા સામે આવી છે. પર્યાવરણ અને વન્યજીવોના રક્ષણની જવાબદારી જેમના શિરે છે, તે ડભોઇ વન વિભાગ પોતે જ આજે ગંભીર અસ્તિત્વના સંકટ સામે ઝૂકી રહ્યો છે.

ડભોઇ શિનોર ચોકડી પાસે આવેલી વન વિભાગની મુખ્ય કચેરી છેલ્લા પાંચ-પાંચ વર્ષથી અત્યંત કંડમ અને જર્જરીત હાલતમાં ફેરવાઈ ગઈ છે. ઈમારત ગમે ત્યારે ધારાશયી થાય તેવી ભીતિ હોવાથી કર્મચારીઓને ત્યાંથી હટાવવાની ફરજ પડી હતી. પરંતુ દુઃખની વાત એ છે કે પાંચ વર્ષ વિતવા છતાં નવી ઓફિસનું નિર્માણ તો દૂર, તંત્રએ કર્મચારીઓ માટે યોગ્ય બેસવાની વ્યવસ્થા પણ કરી નથી. પરિણામે, વન વિભાગના અધિકારીઓ અને સ્ટાફ હાલ ધરમપુરી પાસે આવેલી એક નાની ઝૂંપડી જેવી જગ્યામાં કામચલાઉ આઉટપોસ્ટ બનાવીને વહીવટ ચલાવવા મજબૂર બન્યા છે. જૂની કચેરીના પરિસરમાં હાલ ઝાડી-



ઝાંકરાનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું છે. એક સમયે જ્યાંથી આખા તાલુકાની વન સંપત્તિનો વહીવટ થતો હતો, તે જગ્યા આજે અવાવરૂ અને ભૂતિયા બંગલા જેવી બની ગઈ છે. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે ડભોઇ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાવાની પૂરી શક્યતાઓ છે. ડભોઇ અને આસપાસના વિસ્તારો નર્મદા કેનાલ અને તળાવોથી ઘેરાયેલા હોવાથી ચોમાસા દરમિયાન પાણીના વહાવ સાથે વિશાળકાય મગર, અત્યંત ઝેરી સાપ અને અન્ય સરીસૃપો રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જવાની ઘટનાઓ દિન-પ્રતિદિન વધતી હોય છે. આવા કટોકટીના સમયે વન વિભાગની ટીમ જીવના જોખમે વન્યજીવોનું રેસ્ક્યૂ તો કરે છે, પણ સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થાય છે કે આ રેસ્ક્યૂ કરાયેલા મગર કે સાપને રાખવા ક્યાં?

હાલની નાની ઝૂંપડી આકારની ઓફિસમાં સ્ટાફ માટે બેસવાની જગ્યા નથી, તો રેસ્ક્યૂ કરેલા હિંસક વન્યજીવોને ક્યાં સુરક્ષિત રાખવા? રેસ્ક્યૂ કરેલા પ્રાણીઓને રાખવા અને તેમની યોગ્ય સંભાળ લેવામાં કર્મચારીઓ ભારે અગવડતા અને જોખમનો સામનો કરી રહ્યા છે.

## નિચાણવાળા વિસ્તારો અને ગરનાળા પાણીમાં ગરકાવ

# નડિયાદમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ : ધોધમાર વરસાદથી શહેર જળબંબાકાર

નડિયાદ



હવામાન વિભાગ દ્વારા સમગ્ર રાજ્યભરમાં આપવામાં આવેલી રેડ અને ઓરેન્જ એલર્ટની ગંભીર આગાહી વચ્ચે ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ શહેરમાં વહેલી સવારથી જ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. વહેલી સવારથી જ આકાશમાં કાળાડિબાંગ વાદળોના ઘેરાવા સાથે ભારે પવન, ગાજવીજ અને કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. સતત વરસી રહેલા અવિરત વરસાદના કારણે નડિયાદ શહેરની ભૌગોલિક સ્થિતિ વિકટ બની છે અને શહેરના મોટા ભાગના વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ જતાં નડિયાદ ફરી એકવાર સંપૂર્ણપણે જળબંબાકાર બન્યું છે. વહેલી સવારથી શરૂ થયેલા મૂસળધાર વરસાદને પગલે શહેરના તમામ મુખ્ય માર્ગો, બજારો તેમજ નીચાણવાળા રહેણાંક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. શહેરના પશ્ચિમ અને પૂર્વ વિસ્તારને જોડતા મુખ્ય ગરનાળાઓમાં પાણી ભરાઈ જતાં વાહન વ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે. રસ્તાઓ પર ઘૂંટણસમા અને કેડસમા પાણી ભરાઈ જવાના કારણે અનેક સોસાયટીઓ બેટમાં ફેરવાઈ ગઈ છે. વરસાદી પાણી લોકોના ઘર અને દુકાનોમાં ઘૂસી જતાં વેપારીઓ તથા સ્થાનિક રહીશોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સવારના સમયે જ ધોધમાર વરસાદ શરૂ થતાં નોકરી-ધંધે, શાળા-કોલેજે કે અન્ય કામઅર્થે નીકળેલા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. માર્ગો પર પાણીનો નિકાલ ન થવાના કારણે રસ્તા પરથી પસાર થતાં અનેક ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો સાયલેન્સરમાં પાણી ઘૂસી જવાથી બંધ પડી ગયા હતા. જેના કારણે વાહનચાલકોને પાણીમાં ગરકાવ થયેલા વાહનો ઢસડીને જવાની ફરજ પડી હતી.

# શિક્ષણના ઉચ્ચ દાવાઓ વચ્ચે વરવી વાસ્તવિકતા : 2335 સરકારી શાળાઓ માત્ર 'એક જ શિક્ષક'ના ભરોસે!

■ છેલ્લા 2 વર્ષમાં 201 સરકારી શાળાઓ પર કાયમી તાળાં વાગી ગયા: 'પ્રવેશોત્સવ'ના તહેવારો પાછળ કરોડોનો ધુમાડો

અમદાવાદ

ગુજરાતમાં શિક્ષણના મોડેલના મોટા-મોટા દાવાઓ અને ઉત્સવોની ઝાકઝમાળ વચ્ચે રાજ્યના શિક્ષણ વિભાગની એક અત્યંત શરમજનક અને ચિંતાજનક વાસ્તવિકતા સામે આવી છે. 'શાળા પ્રવેશોત્સવ' અને 'વાંચે ગુજરાત' જેવા સરકારી તહેવારો અને ઈવેન્ટ મેનેજમેન્ટ પાછળ પ્રજાના કરવેરાના કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવી રહ્યો છે, પરંતુ બીજી તરફ રાજ્યના બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવા માટે વર્ગખંડોમાં પૂરતા શિક્ષકો જ નથી. સરકારી આંકડાઓ જ ચાડી ખાશે કે રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થા કઈ હદે કથળી ચૂકી છે.

બાળકોનું ભવિષ્ય રામ ભરોસે: એક જ શિક્ષકના માથે આખી શાળાનો બોજ




શિક્ષણ વિભાગના સત્તાવાર અહેવાલ મુજબ, ગુજરાતમાં કુલ ૨૩૩૫ સરકારી શાળાઓ એવી છે જે માત્ર ને માત્ર એક જ શિક્ષકના ભરોસે ચાલી રહી છે. આ એક જ શિક્ષકે ધોરણ ૧ થી ૮ ના તમામ બાળકોને ભણાવવાના, મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા જોવાની અને સરકારી કાગળિયા-ડેટા એન્ટ્રીનું કામ પણ કરવાનું! એક તરફ દેશ ડિજિટલ ઈન્ડિયા અને ગ્લોબલ એજ્યુકેશનની વાતો કરે છે, ત્યારે બીજી તરફ ગુજરાતના હજારો માસૂમ બાળકોનું ભવિષ્ય માત્ર એક જ શિક્ષકના દયાદાન પર છોડી દેવાયું છે. ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં પણ આવી 'એક શિક્ષક વાળી' શાળાઓનો આંકડો ૧,૦૦,૪૮૩ પર પહોંચી ગયો છે, જે સમગ્ર દેશની શિક્ષણ નીતિ સામે મોટો પ્રશ્નાર્થ ઊભો કરે છે.

૨ વર્ષમાં ૨૦૧ શાળાઓને કાયમી તાળાં: સરકારી શાળાઓનો ગ્રાફ સતત નીચે ધકેલાયો

શિક્ષણ વિભાગના પોતાના જ આંકડા સાક્ષી પૂરે છે કે છેલ્લા માત્ર ૨ વર્ષના ટૂંકા ગાળામાં ગુજરાતમાં ૨૦૧ સરકારી શાળાઓ કાયમ માટે બંધ કરી દેવામાં આવી છે. વર્ષ ૨૦૨૩માં રાજ્યમાં કુલ ૫૩,૬૨૬ સરકારી શાળાઓ કાર્યરત હતી, જે વર્ષ ૨૦૨૫-૨૬માં ઘટીને ૫૩,૪૨૫ થઈ ગઈ છે. સરકારી શાળાઓ સુધારવાને બદલે એક પછી એક બંધ થઈ રહી છે, જે તંત્રની ઘોર નિષ્ફળતા દર્શાવે છે.

ખાનગી શાળા સંચાલકોને કમાઈ આપવા માટે સરકારી શાળાઓનું બળિદાન?

શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો, વિવેચકો અને વાલીઓનો સીધો અને ગંભીર આક્ષેપ છે કે, સરકારી શાળાઓને યોજનાપૂર્વક નબળી પાડવામાં આવી રહી છે જેથી પાછલા બારણે ખાનગી શિક્ષણ માફિયાઓ અને મોંઘી પ્રાઈવેટ શાળાઓને પ્રોત્સાહન આપી શકાય. સરકારી શાળાઓમાં સુવિધાઓ અને શિક્ષકોના અભાવે સામાન્ય અને મધ્યમ વર્ગના ગરીબ વાલીઓ પોતાના બાળકોના ભવિષ્ય માટે દેવું કરીને પણ મોંઘીદાટ ખાનગી શાળાઓમાં મતિ વગરની ફી ભરવા મજબૂર બન્યા છે.

કરોડોના ખર્ચે યોજાતા ઉત્સવોથી બાળકોનું ભવિષ્ય નહીં સુધરે, પરંતુ વર્ગખંડમાં યોગ્ય શિક્ષક મૂકવાથી સુધરશે - હવે જોવાનું એ રહે છે કે આ ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા બાદ પણ કુંભકર્ણની નિંદ્રામાં સોયેલું શિક્ષણ વિભાગ જાગશે કે પછી ગરીબ બાળકોનું ભવિષ્ય આમ જ અંધકારમાં ધકેલાતું રહેશે?

---

પ્રિ-મોન્સૂન કામગીરીના નામે 'ખેલ' પડી ગયો!

# ભારે વરસાદ વચ્ચે વસો ગ્રામ પંચાયત પાણીમાં ગરકાવ

ખેડા

ખેડા જિલ્લામાં પડેલા સાર્વત્રિક અને ભયાનક ભારે વરસાદે સ્થાનીય તંત્રના દાવાઓની ધજાગરા ઉડાવી દીધા છે. જિલ્લાભરમાં મેઘરાજાએ એવો કોપ વર્તાવ્યો છે કે ઠેર-ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. પરંતુ સૌથી શરમજનક અને ચોંકાવનારા દ્રશ્યો વસો તાલુકામાંથી સામે આવ્યા છે, જ્યાં ખુદ વસો ગ્રામ પંચાયતની કચેરી જ પૂરના પાણીમાં ગરકાવ થઈ ગઈ છે! જે પંચાયતે સમગ્ર ગામની ડ્રેનેજ અને પાણીના નિકાલની વ્યવસ્થા કરવાની હોય, તે પોતે જ આજે ઘૂંટણસમા પાણીમાં ગરકાવ થઈને લાચાર બની બેઠી છે.



ચોમાસું શરૂ થતાં પહેલાં તંત્ર દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરીના નામે લાખો રૂપિયાના આંધણ કરવામાં આવે છે અને કાગળ પર મોટી મોટી સફાઈના દાવાઓ કરવામાં આવે છે. પરંતુ પ્રથમ જ ભારે વરસાદે વસો નગરપાલિકા અને ગ્રામ પંચાયત વહીવટનો 'ખેલ' પાડી દીધો છે. નાળાઓની યોગ્ય સફાઈ ન થવાના કારણે અને રોડ-રસ્તાઓ પર પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી આખી પંચાયત બેટમાં ફેરવાઈ ગઈ છે. સરકારી ચોપડા અને કચેરીના મહત્વના દસ્તાવેજો પણ પાણીમાં પલળી જવાની ભીતિ સેવાઈ રહી છે. માત્ર ગ્રામ પંચાયત જ નહીં, પરંતુ વસો અને આસપાસના સમગ્ર વિસ્તારમાં નીચાણવાળા વિસ્તારો, મુખ્ય માર્ગો અને સોસાયટીઓમાં પણ જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. રસ્તાઓ પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓની હાલત અત્યંત કફોડી બની છે. વેપારીઓના ધંધા-રોજગાર ઠપ થઈ ગયા છે અને લોકોના ઘરોમાં પણ પાણી ઘૂસી જતાં ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. જે વહીવટી તંત્ર ગામના વિકાસ અને સુવિધાના દાવાઓ કરતું થાકતું નથી, તે જ તંત્રની પોતાની કચેરી ડૂબી જાય તેનાથી મોટો પુરાવો બીજો કયો હોઈ શકે? જો પંચાયત પોતાની કચેરીને પૂરના પાણીથી બચાવી શકતી નથી, તો સામાન્ય જનતાનું રક્ષણ રામભરોસે જ છે ને?

---

હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે

# ડભોઈ પર પૂરનું સંકટ : વહીવટી તંત્ર 'હાઈ એલર્ટ' મોડમાં!

ડભોઈ

રાજ્યભરમાં હવામાન વિભાગ દ્વારા ભારેથી અતિભારે વરસાદની આપાતકાલીન ચેતવણી જાહેર કરવામાં આવ્યા બાદ ડભોઈ શહેર અને તાલુકા વહીવટી તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. સંભવિત પૂર જેવી પરિસ્થિતિનો સામનો કરવા અને નાગરિકોના જાનમાલનું રક્ષણ કરવા માટે સરકારે તમામ વિભાગોને 'હાઈ એલર્ટ' પર રાખી દીધા છે. સમગ્ર કામગીરીના યોગ્ય સંકલન માટે ડભોઈના પૂર્વ નાયબ કલેક્ટર હિમાંશુ પરીખની નોડલ અધિકારી તરીકે ખાસ નિમણૂક કરવામાં આવી છે.

ભારે વરસાદને કારણે નગરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાય તો નાગરિકોને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા માટે તંત્ર દ્વારા અગાઉથી જ માસ્ટર પ્લાન તૈયાર કરી લેવાયો છે:

સમાજ વાડીઓમાં વ્યવસ્થા: રાણા સમાજ વાડી, દરજી સમાજ વાડી, સત્તારગામ સમાજ વાડી સહિત વિવિધ સમાજની વાડીઓને શેલ્ટર હોમ (આશ્રયસ્થાન) તરીકે આખરી ઓપ આપી દેવાયો છે.

હાલ 9 આશ્રયસ્થાનો પૂર્ણ રીતે કાર્યરત કરી દેવાયા છે, જ્યારે ઈમરજન્સી ઊભી થાય તો તાત્કાલિક ધોરણે વધુ 3 આશ્રયસ્થાનો શરૂ કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ઉચ્ચ અધિકારીઓનો કાફલો મેદાનમાં: વઢવાણા વેટલેન્ડનું ગ્રાઉન્ડ ઈન્સ્પેક્શન!

પૂરની પરિસ્થિતિને ડામવા અને તકેદારીના પગલાં સમીક્ષા કરવા માટે નોડલ અધિકારી હિમાંશુ પરીખ, પ્રાંત અધિકારી રવિરાજસિંહ પરમાર અને નગરપાલિકા ચીફ ઓફિસર જયકિશન તડવી સહિતનો કાફલો ગ્રાઉન્ડ ઝીરો પર ઉતર્યો હતો.

અધિકારીઓએ તમામ આશ્રયસ્થાનોની મુલાકાત લઈ પીવાના પાણી, રહેવા અને સ્થળાંતરની સુવિધાઓ ચકાસી હતી.

આ ઉપરાંત, ટીમ દ્વારા વિશ્વપ્રસિદ્ધ વઢવાણા તળાવ વેટલેન્ડની મુલાકાત લઈને પાણીની વર્તમાન સપાટી, જળસંગ્રહની સ્થિતિ અને જો અતિભારે વરસાદ પડે તો કઈ રીતે પાણીનો નિકાલ કરવો તે અંગેનું સ્થળ પર જઈને આકસ્મિક નિરીક્ષણ કર્યું હતું.

---

તાપી જિલ્લામાં 'રેડ એલર્ટ' વચ્ચે તંત્ર એક્શન મોડમાં!

# ઉચ્છલના ગવાણ અને કાટા ફળિયામાંથી લોકોનું સલામત સ્થળે સ્થળાંતર, વહીવટી તંત્રની સતત નજર!



તાપી

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા ભારે તાંડવ મચાવી રહ્યા છે, ત્યારે તાપી જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા 'રેડ એલર્ટ' જાહેર કરાતા જ વહીવટી તંત્ર હાઈએલર્ટ મોડમાં આવી ગયું છે. નાગરિકોની સુરક્ષા અને જાનમાલનું રક્ષણ કરવા માટે જિલ્લા કલેક્ટર અને સ્થાનિક અધિકારીઓ દ્વારા તકેદારીના કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. ભારે વરસાદી પરિસ્થિતિ અને પૂરના ભયને ધ્યાને રાખીને ઉચ્છલ મામલતદારશ્રી દ્વારા નીચાણવાળા અને જોખમી વિસ્તારોમાં રૂબરૂ પહોંચીને નાગરિકોને સ્થિતિ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. તંત્રની સમયસૂચકતા અને સતત સમજાવટને પગલે લોકોએ પણ સહયોગ આપ્યો હતો: ગવાણ ગામ: તકેદારીના ભાગરૂપે ગવાણ ગામના 19 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. કાટા ફળિયા (ઉચ્છલ): પૂરના પાણી ભરાવાની શક્યતાને જોતા કાટા ફળિયાના 12 લોકોને તંત્ર દ્વારા સલામત આશ્રયસ્થાને આશ્રય આપવામાં આવ્યો છે. સ્થળાંતર કરાયેલા તમામ નાગરિકો માટે રહાણા, ભોજન અને પીવાના પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓની વ્યવસ્થા પણ વહીવટી તંત્ર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગામી કલાકોમાં અત્યંત ભારે વરસાદની ગંભીર આગાહીને પગલે તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર પરિસ્થિતિ પર સતત વોચ રાખવામાં આવી રહી છે.

---

# કુદરતનો કોપ અને તંત્રનું રેડ એલર્ટ: તાપીમાં ભારે વરસાદની આગાહી વચ્ચે કલેક્ટર એક્શન મોડમાં

6 કલાકમાં સ્થળાંતર પૂરું કરવા આદેશ,આજે તમામ શાળાઓ-કોલેજોમાં રજા જાહેર!

તાપી, (પવન માકન)

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ આક્રમક મિજાજ ધારણ કર્યો છે ત્યારે સુરત બાદ હવે સમગ્ર તાપી જિલ્લા પર પણ આફતનું મોટું સંકટ તોળાઈ રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા તાપી જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આપેલી આગાહીને પગલે જિલ્લા વહીવટી તંત્ર તાત્કાલિક ધોરણે સંપૂર્ણપણે એલર્ટ મોડ પર આવી ગયું છે. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાપી જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં એક ઈમરજન્સી સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં જનજીવન અને માલમિલકતના રક્ષણ માટે અનેક યુદ્ધના ધોરણે નિર્ણયો લેવામાં આવ્યા છે. સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેક્ટરે 'ઝીરો કેઝ્યુઅલ્ટી' એટલે કે એક પણ નાગરિકનો જીવ ન જાય તે અભિગમ સાથે રાહત અને બચાવ



કામગીરી હાથ ધરવા સ્પષ્ટ સૂચનાઓ આપી છે. નદી-નાળા કાંઠે રહેતા તેમજ નીચાણવાળા અને પૂર સંભવિત વિસ્તારોમાંથી લોકોને આગામી માત્ર 6 કલાકની અંદર સુરક્ષિત આશ્રયસ્થાનોમાં સ્થળાંતરિત (ઈવેક્યુએટ) કરવાનો આકરો આદેશ આપવામાં આવ્યો છે. વરસાદી આફત અને પૂરના ખતરા વચ્ચે બાળકો અને વિદ્યાર્થીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતા કલેક્ટરશ્રી દ્વારા આવતીકાલે તાપી જિલ્લાની તમામ શાળાઓ, કોલેજો, આંગણવાડીઓ તથા સરકારી-ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય સ્થગિત રાખીને રજા જાહેર કરી દેવામાં આવી છે. બેરિકેડિંગ અને વોચ: જે પુલો કે રસ્તાઓ પર પાણી ફરી વળવાની (ઓવર-ટોપિંગ) દહેશત છે, ત્યાં તાત્કાલિક ધોરણે બેરિકેડિંગ કરવા અને ચેતવણીના બોર્ડ લગાવવા પોલીસ અને માર્ગ-મકાન વિભાગને નિર્દેશ અપાયા છે.

---

# ભરૂચના કસક નવીનગરીમાં ભારે વરસાદથી દિવાલ ધરાશાયી: 4થી 5 વાહનો દબાયા, ભારે નુકસાન

ભરૂચ

ભરૂચ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વરસી રહેલા અવિરત અને ભારે વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. સતત પડી રહેલા વરસાદ અને ભેજના કારણે શહેરના કસક નવીનગરી વિસ્તારમાં એક મોટી હોનારત સર્જાતા રહી ગઈ હતી. આ વિસ્તારમાં આવેલી એક જૂની દિવાલ અચાનક કડાકાભેર ધરાશાયી થઈ ગઈ હતી. દિવાલ ધરાશાયી થતાં તેની નીચે પાર્ક કરેલાં ૪ થી ૫ જેટલાં વાહનો મલબા નીચે દબાઈ ગયાં હતાં, જેના કારણે વાહનોને ભારે આર્થિક નુકસાન પહોંચ્યું છે. કસક નવીનગરી વિસ્તારમાં આવેલી આ દિવાલ ભારે વરસાદના કારણે પાપડી ગઈ હતી અને પાણીના ભરાવાને લીધે નબળી પડી ગઈ હતી. અચાનક દિવાલનો મોટો ભાગ નીચે ધસી પડતાં આસપાસના વિસ્તારમાં મોટો ધડાકો થયો હતો, જેના કારણે સ્થાનિક રહીશોમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકો તાત્કાલિક ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.

દિવાલ તૂટી પડવાના કારણે તેની નીચે પાર્ક કરવામાં આવેલાં ટુ-વ્હીલર સહિત ૪ થી ૫ વાહનો કાટમાળ (મલબા) નીચે દટાઈ ગયાં હતાં.

આ બનાવમાં વાહનોના બોનેટ, બોડી અને એન્જિનના ભાગે ભારે નુકસાન થવા પામ્યું છે. જોકે, બનાવ સમયે દિવાલ નજીક કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી સદ્નસીબે મોટી જાનહાનિ ટળી હતી, જેને પગલે તંત્ર અને સ્થાનિક રહીશોએ સુખદ રાહતનો શ્વાસ લીધો હતો.

---

E-20 ફ્યુઅલ સામે આમ આદમી પાર્ટીનો હલ્લાબોલ

# જનતાના ખિસ્સા ઉપર ડાકોઈટી અને વાહનોના એન્જિનનો વિનાશ!

અમદાવાદ, (પવન માકન)

ગુજરાતમાં સામાન્ય જનતા અને મધ્યમ વર્ગના મુદ્દાઓને લઈને હવે રાજકારણ ગરમાયું છે. ઈથેનોલ મિશ્રિત E-20 પેટ્રોલના વિરોધમાં આમ આદમી પાર્ટી (AAP) ગુજરાતના પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સામે મોરચો માંડ્યો છે. મનોજ સોરઠીયાએ ગુજરાતની જનતાને આ અન્યાયી નીતિ સામે આક્રમક રીતે લડવા અને મોટા પાયે આંદોલનમાં જોડાવા માટે ખુલ્લી અપીલ કરી છે. આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ ગંભીર આરોપ લગાવતા જણાવ્યું છે કે, 'હાલમાં પેટ્રોલ પંપો પર જે E-20 (20% ઈથેનોલ ધરાવતું) ઈંધણ આપવામાં આવી રહ્યું છે, તેનાથી કરોડો લોકોના વાહનોના એન્જિન બગડી રહ્યા છે. જૂના




વાહનોના સ્પેરપાર્ટ્સ અને એન્જિનમાં આ પેટ્રોલને કારણે મોટું નુકસાન થઈ રહ્યું છે, જેના લીધે સામાન્ય નાગરિકોને હજારો રૂપિયાનો વધારાનો ખર્ચ ભોગવવો પડી રહ્યો છે.' તેમણે વધુમાં ઉમેર્યું કે, એકતરફ ઈથેનોલનું ઉત્પાદન સસ્તું છે, છતાં સરકાર જનતાને એ જ ઊંચા ભાવે પેટ્રોલ વેચીને અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર અને કમાણી કરી રહી છે. આ જનતાના ખિસ્સા પર સીધી ડાકોઈટી છે! મનોજ સોરઠીયાએ ગુજરાતના તમામ બાઈક-સ્કૂટર ચાલકો, કાર માલિકો, ઓટો-ટેક્સી ચાલકો અને મધ્યમ વર્ગીય પરિવારને આહ્વાન કરતાં કહ્યું છે કે: 'આ કોઈ એક રાજકીય પક્ષનો મુદ્દો નથી, પણ ગુજરાતના લાખો સામાન્ય વાહનચાલકોના હિતની વાત છે. જો આજે આપણે મૌન રહીશું, તો સરકાર આપણી મજબૂરીનો ફાયદો ઉઠાવતી રહેશે. હવે સમય આવી ગયો છે કે આપણે ઘરમાંથી બહાર નીકળીએ અને રસ્તા પર આવીને આ શોષણનો વિરોધ કરીએ.' કલેક્ટરઓને આવેદનપત્ર આપવાના કાર્યક્રમો યોજવાની ઘોષણા કરવામાં આવી છે. સરકાર જો ઈથેનોલ મિશ્રિત ફ્યુઅલના દામ ઘટાડવા અને જૂના વાહનો માટે યોગ્ય ફ્યુઅલ વિકલ્પ આપવા અંગે યોગ્ય નિર્ણય નહીં લે, તો આ આંદોલન ગુજરાતના ખૂણે-ખૂણે પહોંચાડવામાં આવશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

---

વહેલાલ દિવ્યધામ આશ્રમમાં ગુરુપૂર્ણિમાની ભક્તિભાવપૂર્વક ઉજવણી

# "મનુષ્ય જન્મ માત્ર સંસાર માટે નહીં, આત્મકલ્યાણ અને મોક્ષપ્રાપ્તિ માટે મળ્યો છે :- માઁ અનંતાનંદ તીર્થ

દસક્રોઈ, સમીર પટેલ

વહેલાલ સ્થિત દિવ્યધામ આશ્રમ અને ૧૨૫૧ કિલો પારદ લિંગના સ્થાપક સદગુરુ શ્રી શ્રી માઁ અનંતાનંદ તીર્થના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમા મહોત્સવની ભક્તિભાવ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ગુરુપૂર્ણિમાના પાવન અવસરે દેશ-વિદેશમાંથી પધારેલા શિષ્યોએ ગુરુપૂજન અને ગુરુવંદના તેમજ શ્રી શ્રી માઁ અનંતાનંદ તીર્થની દિવ્ય વાણીનું રસપાન કરી ઉજવણી કરી હતી. આ પ્રસંગે સદગુરુ શ્રી શ્રી



માઁ અનંતાનંદ તીર્થએ શિષ્યોને દિવ્યવાણી દ્વારા જીવનના સાચા હેતુ, કર્મ, કર્મબંધન, આત્મચિંતન, આત્મકલ્યાણ અને મોક્ષના માર્ગ અંગે આધ્યાત્મિક જ્ઞાનનું રસપાન કરાવ્યું હતું.

સદગુરુએ જણાવ્યું હતું કે સમગ્ર સૃષ્ટિનું મૂળ અને શાશ્વત તત્ત્વ પૂર્ણ બ્રહ્મ છે. મનુષ્ય આ દુનિયામાં આવે છે ત્યારે કશું સાથે લઈને આવતો નથી અને જીવન પૂર્ણ થયા બાદ પણ કોઈ ભૌતિક વસ્તુ સાથે લઈ જઈ શકતો નથી. તેમ છતાં મનુષ્ય જીવનભર 'મારું-મારું' અને 'હું-હું'ની ભાવનામાં અટવાયેલો રહે છે. ઘર, સંપત્તિ, વ્યવસાય, પરિવાર, પ્રતિષ્ઠા અને વૈભવને પોતાનું માનીને મમતા અને અહંકારમાં બંધાઈ જાય છે.જ્ઞાની મહાપુરુષો સમજાવે છે કે આ શરીર જ આપણું સાચું સ્વરૂપ નથી. શરીર તો નાશવંત છે, જ્યારે આત્મા શાશ્વત છે. મનુષ્યએ સંસારની જવાબદારીઓ નિભાવવાની સાથે પોતાના આત્મકલ્યાણ માટે પણ પુરુષાર્થ કરવો જોઈએ.

---

# પાક્કો ગુજરાત'ના અહેવાલનો પ્રચંડ ધમાકો! SOG સતત ત્રીજા દિવસે ત્રાટકી

■ બામોદરા-ખંડોળ વચ્ચેથી બોગસ ડોક્ટર ઝબ્બે! દાંતા-હડાદમાં 300થી વધુ 'યમદૂતો'નો રાફડો!

બનાસકાંઠા

અહેવાલમાં દમ હોય અને દાનત સાફ હોય ત્યારે તંત્રને હલબલવું જ પડે છે! 'પાક્કો ગુજરાત' ન્યૂઝના ધારદાર અને સતત અહેવાલોની ગ્રાઉન્ડ લેવલે ભારે પ્રચંડ અસર જોવા મળી રહી છે. બનાસકાંઠાના સીમાવર્તી અને અંતરિયાળ વિસ્તારોમાં લોકોના જીવ સાથે ખેલતા બોગસ ડોક્ટરો સામે 'પાક્કો ગુજરાત' દ્વારા ઉઠાવેલા અવાજ બાદ બનાસકાંઠા SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) એક્શન મોડમાં આવી ગયું છે. SOG ની ટીમે સતત ત્રીજા દિવસે પણ દરોડો પાડીને ડિગ્રી વગરના વધુ એક બોગસ ડોક્ટરને દબોચી લીધો છે! મળતી માહિતી મુજબ, SOG ની ટીમે બામોદરા અને ખંડોળ ઉમરી વચ્ચેના વિસ્તારમાંથી કોઈ પણ જાતની માન્ય ડિગ્રી કે લાયસન્સ વગર ક્લિનિક ખોલીને બેઠેલા બોગસ ડોક્ટરને રંગેહાથ ઝડપી પાડ્યો છે. તેની પાસેથી એલોપેથિક દવાઓ અને મેડિકલ સાધનો જપ્ત કરીને કાયદેસરની ધોરણસરની કાર્યવાહી




હાથ ધરવામાં આવી છે. પરંતુ સવાલ એ છે કે, શું એક-બે ડોક્ટરો પકડાવાથી આ કાળો કારોબાર બંધ થઈ જશે ? બનાસકાંઠાના દાંતા અને હડાદ તાલુકામાં બોગસ ડોક્ટરોનો એવો રાફડો ફાટ્યો છે કે જાણે કાયદાનો કોઈ ખોફ જ ન હોય! ગરીબ અને અજ્ઞાત આદિવાસી પ્રજાના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે: માંકડી ગામ બન્યું અડ્ડો: કુવારસી, હડાદ, દાંતા, નવાવાસ, ભેમાડ અને જીતપુર જેવા તમામ ગામોમાં બોગસ દવાખાના ચાલી રહ્યા છે.

## તંત્રી લેખ...

# હોદ્દો હંગામી છે, માણસાઈ કાયમી: માણસનું સાચું મૂલ્યાંકન તેની સંવેદનાથી જ થઈ શકે


આજના આધુનિક અને ભૌતિકવાદી યુગમાં સમાજની નજર અજીબ રીતે બદલાઈ ગઈ છે. આજે આપણે કોઈ વ્યક્તિને મળીએ ત્યારે તેની નમ્રતા કે તેના સંસ્કાર જોવાને બદલે, તે કયા હોદ્દા પર છે, તેનો વાર્ષિક પગાર કેટલો છે અને તેની પાસે કઈ ગાડી છે તે જોવા ટેવાયેલા બની ગયા છીએ. પરંતુ આ વિઝન જ તદ્દન ખોટું છે. હોદ્દો કે સત્તા એ તો નસીબ, સમય અને સંજોગોની દેન હોઈ શકે છે, પરંતુ માણસાઈ એ વ્યક્તિના પોતાના ચરિત્રનું પ્રતિબિંબ છે. કુરસી પર બેસીને હુકમ છોડવો સરળ છે, પણ એ જ કુરસી પર રહીને કોઈના આંસુ લૂછવા માટે દિલમાં 'માણસાઈ' હોવી જરૂરી છે.

હોદ્દો અને માણસાઈ વચ્ચેનો તફાવત

ઈતિહાસ સાક્ષી છે કે પદ અને સત્તાનો નશો ક્ષણભંગુર હોય છે. આજે જે માણસ કોઈ કંપનીનો ડિરેક્ટર કે સરકારી અમલદાર હોય, તે નિવૃત્ત થયા પછી સામાન્ય નાગરિક જ બની જવાનો છે. જો તેનામાં માણસાઈ નહીં હોય તો હોદ્દો છીનવાતા જ લોકો તેને ભૂલી જશે અથવા તો તેની પીઠ પાછળ તેની બુરાઈ કરશે. પરંતુ જે વ્યક્તિએ પોતાના પદનો ઉપયોગ લોકોની ભલાઈ માટે, ગરીબોના આંસુ લૂછવા માટે અને સમાજને કંઈક આપવા માટે કર્યો હશે, તેને દુનિયા હોદ્દા વગર પણ આજીવન યાદ રાખશે.

સન્માન અને ડર વચ્ચેની રેખા: હોદ્દાને કારણે જે મળે છે તે ઘણીવાર 'ડર' કે 'સ્વાર્થ'માંથી જન્મતું સન્માન હોય છે. લોકો સત્તા ધરાવનાર વ્યક્તિની સામે જી-હજુરી કરે છે. પરંતુ માણસાઈથી જે મેળવાય છે તે 'હૃદયપૂર્વકનું આદર' હોય છે, જેને પૈસા કે પદથી ખરીદી શકાતું નથી.

હોદ્દો ઓળખ આપે છે, માણસાઈ અમર બનાવે છે: હોદ્દો માત્ર તમારું વિઝિટિંગ કાર્ડ બનાવી શકે છે, પણ તમારી માણસાઈ લોકોના દિલમાં તમારું સ્થાન બનાવે છે.




આજના સમાજને શાની જરૂર છે?

સમાજમાં આજે મોટા હોદ્દા ધરાવતા લોકોની કમી નથી, પણ સંવેદનશીલ દિલ ધરાવતા માણસોની અછત વર્તાય છે. એક નાનો કર્મચારી જો રસ્તા પર પડેલા ઘાયલ અબોલ જીવને હોસ્પિટલ પહોંચાડે છે, તો તે કોઈ મોટા હોદ્દા પર બેઠેલા એવા વ્યક્તિ કરતાં હજાર ગણો મહાન છે જે પોતાની મોંઘી ગાડીમાં બેસીને કોઈની મદદ કર્યા વગર આગળ નીકળી જાય છે.

સચ્ચાઈ એ છે કે જ્યારે આપણો અંતિમ સમય આવશે ત્યારે આપણી ડિગ્રીઓ, આપણા હોદ્દા કે આપણા બંગલા આપણી સાથે નથી આવવાના. સાથે આવશે તો માત્ર એ પુણ્ય અને એ દુઆઓ જે આપણી માણસાઈને કારણે આપણને મળી હશે.

પરિવર્તનનો સંકલ્પ

આપણે સમાજ તરીકે એક નવી વિચારસરણી કેળવવાની જરૂર છે. ચાલો, આપણે આપણા બાળકોને પણ એ જ શીખવીએ કે મોટા અફસર કે બિઝનેસમેન બનવા કરતાં પહેલાં એક 'સારા માણસ' બનવું વધુ જરૂરી છે. હોદ્દાની ચમક આંખોને અંજાવી શકે છે, પણ માણસાઈની મહેક આખા સમાજને સુવાસિત કરે છે.

કોઈ વ્યક્તિ નાનામાં નાનો ધંધો કરતી હોય કે સમાજના છેવાડાના માનવી તરીકે કામ કરતી હોય, પણ જો એનામાં દયા, પ્રેમ અને સહાનુભૂતિ છે, તો એ જ સાચો અને મહાન માણસ છે. હોદ્દાઓને નમસ્કાર કરવાનો રિવાજ છોડીને માણસાઈને પૂજવાની શરૂઆત કરીશું, ત્યારે જ સાચા અર્થમાં સુંદર સમાજનું નિર્માણ થશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# સામેવાળાને હરાવવાની લડાઈમાં સ્વ-ઓળખ ન ગુમાવો
# લડાઈ જીતવાની ઘેલછામાં સંસ્કારનો પરાજય

અન્યાય, શોષણ કે ઝેરી વર્તન સામે અવાજ ઉઠાવવો એ સાહસ છે. પરંતુ આ લડાઈનો સૌથી ઘાતક વળાંક ત્યારે આવે છે જ્યારે આપણે બુરાઈને નાથવાના ચક્કરમાં અજાણતા જ એ જ બુરાઈના રંગે રંગાઈ જઈએ છીએ. જ્યાં રક્ષક કે પીડિત, સામનો કરતાં કરતાં પોતે જ એ જ ક્રૂરતા કે નકારાત્મકતાનો ભાગ બની જાય છે. જ્યારે આપણે ઝેરી વ્યક્તિ કે પરિસ્થિતિનો સતત સામનો કરીએ છીએ, ત્યારે વિજય મેળવવાની ઘેલછામાં આપણો વિવેક હણાઈ જાય છે અને આપણે એ જ હથિયારો અપનાવી લઈએ છીએ જેનો આપણે વિરોધ કરતા હતા.



એક વિશાળ જંગલમાં એક ખૂબ જ દયાળુ અને શાંત સ્વભાવનો હાથી રહેતો હતો. તે જંગલના નાના-મોટા તમામ પ્રાણીઓની મદદ કરતો અને જંગલમાં શાંતિ જાળવતો. એ જ જંગલમાં એક ઝેરી વીંછી પણ રહેતો હતો. વીંછીનો સ્વભાવ હતો કે તે વગર વાંકે રસ્તે ચાલતા દરેક નાના પ્રાણીને ડંક મારીને હેરાન કરતો. વીંછીના આ ત્રાસથી આખું જંગલ ભયભીત હતું. હાથીએ નક્કી કર્યું કે તે નિર્દોષ પ્રાણીઓને બચાવશે અને વીંછીને સબક શીખવશે. હાથી વીંછીનો સામનો કરવા પહોંચ્યો. વીંછી તો અત્યંત નાનો હતો, પણ તે તેની ચપળતાથી હાથીની સૂંઢ અને પગ પર સતત ડંખ મારવા લાગ્યો. ડંખ ના અસહ્ય ઝેર અને વેદનાથી હાથી પોતાનો વિવેક ગુમાવી બેઠો. તેના મન પર ક્રોધ અને બદલાની હિંસા સવાર થઈ ગઈ. વીંછીને ચગદવાના આવેશમાં હાથીએ આજુબાજુના ઘટાદાર વૃક્ષો તોડવા માંડ્યા, જંગલને તહેસ-નહેસ કરવા લાગ્યો અને જે પણ નાનું પ્રાણી પગ તળે આવ્યું તેને કચડવા લાગ્યો.અંતે હાથીના ભારે પગ નીચે આવીને વીંછી તો મરી ગયો... પણ જ્યારે હાથીનો ગુસ્સો શાંત થયો ત્યારે તેણે જોયું તો આખું જંગલ બરબાદ થઈ ચૂક્યું હતું અને નાના પ્રાણીઓ વીંછીથી નહીં, પણ હાથીના આ રૌદ્ર રૂપથી ડરીને સંતાઈ રહ્યા હતા.

શાંતિ અને રક્ષણ આપનારો વિવેકી હાથી, વીંછીના ઝેર અને ક્રોધનો સામનો કરતા કરતા પોતે જ જંગલ માટે વીંછી કરતાં પણ વધુ વિનાશક બની ગયો હતો!

સામેવાળાનો ડંખ (ઝેરી વર્તન) આપણી ચામડી પર વાગે તેના કરતાં જો આપણા વિચારો અને સ્વભાવમાં ઉતરી જાય, તો તે વધુ ઘાતક બનતો હોય છે. હાથી શારીરિક રીતે જીતી ગયો, પણ માનસિક રીતે પોતાની દયા અને શાંતિ ગુમાવી બેઠો.

હાથીનો મૂળ હેતુ જંગલનું રક્ષણ કરવાનો હતો, પણ ક્રોધના આવેશમાં તે પોતે જ જંગલનો વિનાશક બની ગયો. ક્યારેય સામેવાળાની નકારાત્મકતાને તમારો હેતુ બદલવા ન દો.

આપણા રોજિંદા જીવનમાં પણ આ જ પરિસ્થિતિ વારંવાર સર્જાતી હોય છે. જ્યારે આપણે સોશિયલ મીડિયા પર કોઈ ટ્રોલર, ઓફિસમાં કોઈ કાવતરાખોર સાથી, કે પરિવારમાં કોઈ કડવી વ્યક્તિનો સામનો કરીએ છીએ, ત્યારે આપણું ધ્યાન સામેવાળાને 'પાઠ ભણાવવા' પર ચોંટી જાય છે.

જ્યારે સામેવાળી વ્યક્તિ દાદાગીરી, કટુ વચનો કે કુટીલતા વાપરે છે, ત્યારે આપણે પણ તે જ નીચા સ્તરે ઉતરીને તેને જવાબ આપવાનો પ્રયત્ન કરીએ છીએ. આપણને લાગે છે કે આ વિજય છે, પણ વાસ્તવમાં તે આપણા સંસ્કારોની આત્મહત્યા છે. સામા પાત્રનું કડવાશભર્યું વર્તન આપણા મન પર એટલું હાવી થઈ જાય છે કે આપણે અજાણતા જ એ જ કડવાશ અને ગુસ્સો આપણા પ્રિયજનો કે નિર્દોષ લોકો પર ઠાલવવા લાગીએ છીએ.


સામનો ચોક્કસ કરો, પણ તમારી મર્યાદા અને સદગુણો ગુમાવીને નહીં. બુરાઈને નાથવા માટે જો તમારે પણ બુરાઈનું જ સ્વરૂપ ધારણ કરવું પડે, તો એ લડાઈમાં વિજયી બન્યા પછી પણ વાસ્તવમાં હાર તમારી જ થાય છે. શત્રુ તો એક જ વાર નુકસાન પહોંચાડે છે, પણ તેની સામે લડવામાં આપણે જે આપણી 'મૂળ ઓળખ' અને 'સંસ્કાર' ગુમાવી દઈએ છીએ, એ નુકસાન આજીવન રહે છે. વીંછીનો ડંખ હાથીના શરીરને અસ્થાયી દુખાવો આપી શક્યો હોત, પણ તેને રાક્ષસ તો હાથીના પોતાના જ અનિયંત્રિત ક્રોધ અને અહંકારે બનાવ્યો.

સાચું સામર્થ્ય સામેવાળાના ઝેરને પી જવામાં કે તેના જેવા બની જવામાં નથી, પરંતુ સામેવાળાના ઝેર વચ્ચે પણ પોતાની અંદરના 'અમૃત' જેવા સંસ્કારોને સુરક્ષિત રાખવામાં છે.

શત્રુને હરાવવો એ માત્ર એક સામાન્ય ક્ષણિક વિજય છે, પણ સામેવાળાના ઝેરી વલણ વચ્ચે પણ પોતાના ચરિત્ર, નમ્રતા અને સંસ્કારને અકબંધ રાખવા એ જ જીવનની સાચી અને શાશ્વત સિદ્ધિ છે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# કર્ણાવતીનું ઐતિહાસિક ઘરેણું: કલા, સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વિરાસતનો જીવંત સમન્વય એટલે કાંકરિયા તળાવ





ગુજરાતનું હૃદય ગણાતા અને યુનેસ્કો દ્વારા વૈશ્વિક વિરાસત નગર તરીકે જાહેર કરાયેલા અમદાવાદ મહાનગરની ભવ્યતામાં અનેક ઐતિહાસિક સ્થાપત્યો ચાર ચાંદ લગાવે છે. આ સ્થાપત્યોની શૃંખલામાં જો કોઈ સ્થળ અમદાવાદની અસ્મિતા, મનોરંજન અને સ્થાપત્ય કલાનું સર્વોચ્ચ પ્રતીક હોય, તો તે નગરની મધ્યમાં આલીશાન મુગટ સમાન શોભતું ઐતિહાસિક 'કાંકરિયા તળાવ' છે. સદીઓ પુરાણો ઈતિહાસ અને આધુનિક નગરજીવનની ચેતનાને પોતાના કિનારે સમાવીને બેઠેલું કાંકરિયા માત્ર એક જળાશય નથી, પરંતુ તે અસંખ્ય અમદાવાદીઓના સ્મરણો અને આનંદનું જીવંત કેન્દ્ર છે.

આ ઐતિહાસિક જળાશયના નિર્માણની પૃષ્ઠભૂમિ પંદરમી સદી સાથે જોડાયેલી છે. ઈતિહાસના પાના અનુસાર, વર્ષ ૧૪૫૧માં અમદાવાદના સુલતાન કુતબુદ્દીન અહમદશાહ બીજા દ્વારા આ તળાવનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેના કારણે કાળક્રમે તેને 'હૌજ-એ-કુતબ' તરીકે પણ ઓળખવામાં આવતું હતું. ચૌલુક્ય શૈલીના પ્રભાવવાળી અનોખી બહુભુજ ડિઝાઈનમાં બનેલા આ તળાવને કુલ ૩૪ બાજુઓ છે, જે તત્કાલીન શિલ્પ સ્થાપત્ય અને જળ વ્યવસ્થાપનની અભૂતપૂર્વ ઈજનેરી કુશળતા દર્શાવે છે. તળાવની મધ્યમાં આવેલો કળાત્મક બગીચો 'નગીના વાડી' તરીકે પ્રખ્યાત છે, જે એક સુંદર સેતુ (પગપાળા રસ્તો) દ્વારા કિનારા સાથે જોડાયેલો છે અને મુઘલ કાળ દરમિયાન તે શાહી પરિવારોનું સહેલગાહ સ્થળ હતું. સમયના વહેણ સાથે જર્જરિત બનેલી આ ઐતિહાસિક વિરાસતને ૨૧મી સદીના આરંભે નવો જન્મ મળ્યો. વર્ષ ૨૦૦૮માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ 'કાંકરિયા તળાવ કિનારો વિકાસ પ્રોજેક્ટ' સાકાર થયો, જેણે અમદાવાદના પ્રવાસન ક્ષેત્રે એક ક્રાંતિકારી પરિવર્તન આણ્યું. આજે આ સ્થળ પર્યટકો માટે એક વૈશ્વિક સ્તરનું આકર્ષણ બની ચૂક્યું છે. લંડનના અદ્ભુત ચકડોળની તર્જ પર બનેલી વિશાળ 'અમદાવાદ આઈ' સવારી, બાળકોની અતિપ્રિય એવી જાપાનથી મંગાવેલી 'અટલ એક્સપ્રેસ' નાની રેલગાડી, બાળ નગરી, આકાશ સફારી અને જળ સવારીઓ જેવી સુવિધાઓએ આ સ્થળને મનોરંજનનું મહાતીર્થ બનાવ્યું છે. કાંકરિયા માત્ર મનોરંજન પૂરતું સીમિત નથી, પરંતુ તે જીવસૃષ્ટિ પ્રત્યેની સંવેદનશીલતાનું પણ કેન્દ્ર છે. અહીં આવેલું ભારતનું અગ્રણી કમલા નહેરુ પ્રાણી સંગ્રહાલય, સુંદર પક્ષીઘર અને નિશાચર પ્રાણીઓનું વિશેષ ઘર પ્રકૃતિપ્રેમીઓ માટે અભ્યાસનું ઉત્તમ સ્થળ છે. દર વર્ષે ડિસેમ્બર મહિનાના અંતિમ સપ્તાહમાં યોજાતો 'કાંકરિયા ઉત્સવ' તો અમદાવાદની સાંસ્કૃતિક ચેતનાનો મહોત્સવ બની રહે છે, જ્યાં કલા, સંગીત અને પ્રકાશ-ધ્વનિના પ્રદર્શનના સથવારે આખું તળાવ દીપોત્સવની જેમ ઝળહળી ઊઠે છે.

ન્યૂઝ પેપરના વાચકો સમક્ષ આ લેખ પ્રસ્તુત કરતા એ ગૌરવ અનુભવાય છે કે, કાંકરિયા તળાવ એ અમદાવાદની અતીતની ભવ્યતા અને વર્તમાનના પ્રગતિશીલ વિકાસના મિલનનું સાચું સરનામું છે. પૂર્વ અમદાવાદના આ ફેફસા સમાન જળાશયના કિનારે સાંજના સમયે વાતો પવન અને પાણીના મોજાં આજે પણ અસંખ્ય હૃદયોને માનસિક શાંતિ અને આહલાદક અહેસાસ કરાવે છે. હેરીટેજ નગરી અમદાવાદની મુલાકાત કાંકરિયાના દર્શન વગર અધૂરી જ ગણાય.

**લેખક: રૂપેશ સોલંકી**

# બલૂચિસ્તાનમાં કોલસાની ખાણમાં પ્રચંડ વિસ્ફોટ, 32 શ્રમિકોના મોત

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. અહીં ક્વેટા પાસે આવેલી સુરાંજ વિસ્તારની એક કોલસાની ખાણમાં ભીષણ વિસ્ફોટ થતાં ખાણનો મોટો ભાગ ધસી પડ્યો હતો. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 32 શ્રમિકોના મોત થયા છે, જ્યારે અનેક શ્રમિકો હજુ પણ જમીનની નીચે મલબામાં ફસાયેલા અને લાપતા છે. બલૂચિસ્તાનના ખાણ અને ખનીજ વિકાસ મંત્રી શોએબ નોશેરવાણીએ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર વિસ્ફોટમાં જીવ ગુમાવનારા દરેક મજૂરના પરિવારને 5 લાખ પાકિસ્તાની રૂપિયા (લગભગ 1,800 USD) નું વળતર આપશે. આ ઉપરાંત અધિકારીઓ ઘટનાના કારણોની સંપૂર્ણ તપાસ કરશે અને ખાણ સુરક્ષાના નિયમોની સમીક્ષા કરશે.

4,000 ફૂટની ઊંડાઈએ રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ

ચીફ ઈન્સ્પેક્ટર ઓફ માઈન્સ મોહમ્મદ આતિફે જણાવ્યું કે બચાવ કામગીરી જમીનથી લગભગ 4,000 ફૂટ (1,219 મીટર) ની ઊંડાઈએ ચલાવવામાં આવી રહી છે. જમીનમાં વધુ ઊંડાઈ અને ઝેરી ગેસના ખતરાને કારણે રેસ્ક્યૂ ટીમોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સુરક્ષા નિયમોના પાલન પર સવાલો

પાકિસ્તાન સેન્ટ્રલ માઈન્સ લેબર ફેડરેશન અને મજૂર યુનિયને આ ઘટના સામે આકરો વિરોધ નોંધાવ્યો છે. તેમણે સરકાર પાસે સુરક્ષા નિયમોનું સખત પાલન કરાવવાની અને ખાણ સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરનારી કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.



# બૂંદ બૂંદ મેં પ્યાર: શારીરિક આકર્ષણ કે માનસિક જોડાણ?

**વિભાવરી વ્યાસ**
**(પાક્કો ગુજરાત ન્યૂઝ, કલમ અને લાગણી)**

ચોમાસાની ઋતુ એટલે માત્ર આકાશમાંથી વરસતું પાણી નથી, પરંતુ કુદરત અને મનુષ્યના મનનો એક અનોખો મિલાપ છે. ઝરમર વરસતા વરસાદી છાંટા, માટીની ભીની સુગંધ અને ઠંડા પવનની લહેરખીઓ માનવ મન પર એક જાદુઈ અસર ઊભી કરે છે. ખાસ કરીને પ્રેમમાં પડેલાં યુગલો કે નવદંપતીઓ માટે વરસાદ એ માત્ર વાતાવરણ નથી બની રહેતો, પરંતુ એકબીજાની નજીક આવવાનું, લાગણીઓને વ્યક્ત કરવાનું અને પ્રેમમાં તરબોળ થવાનું એક સુંદર બહાનું બની જાય છે.

જ્યારે બહાર કાળાડિબાંગ વાદળો ઘેરાયેલા હોય અને વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય, ત્યારે મન અને તન બંનેમાં એક અનોખી ઉષ્માની ઈચ્છા જાગ્રત થાય છે. આવા જ એક નવપરિણીત યુગલ જૂલી અને કિશોરની વાર્તા આપણને વિચારવા મજબૂર કરે છે. નોકરીના થાક પછી પણ વરસાદી સાંજે બાઈક પર નીકળવું, ગરમ ચાની ચુસ્કીઓ લેવી, ભીના કપડે એકબીજાની આંખોમાં જોવું અને ત્યારબાદ એકબીજાના આલિંગનમાં ખોવાઈ જવું - આ ક્ષણો વાંચવામાં જેટલી મધુર લાગે છે, તેનાથી વધુ ઊંડો એહસાસ એ કપલના જીવનમાં પૂરે છે.

### પરંતુ અહીં એક મહત્વનો પ્રશ્ન ઊભો થાય છે: શું આ કેવળ શારીરિક આકર્ષણ છે કે પછી ઊંડું માનસિક જોડાણ?

શારીરિક આકર્ષણ: વરસાદ અને શરીરની ઉષ્મા

વિજ્ઞાન અને મનોવિજ્ઞાન પણ એ વાતનો સ્વીકાર કરે છે કે ઠંડા વાતાવરણમાં માનવ શરીર કુદરતી રીતે જ હૂંફ શોધે છે. વરસાદમાં ભીંજાયા પછી જ્યારે શરીર ઠંડું પડે છે, ત્યારે સ્પર્શની સંવેદનાઓ વધુ તીવ્ર બની જાય છે. ભીના વસ્ત્રો, ઠંડા શરીર અને એકબીજાનો રોમેન્ટિક સ્પર્શ શરીરમાં હોર્મોન્સનું એવું રસાયણ ઉત્સર્જિત કરે છે જે શારીરિક આકર્ષણને ચરમસીમા પર પહોંચાડે છે.

જૂલી અને કિશોરના કિસ્સામાં પણ આ જ બન્યું. એકબીજાના ભીના શરીરને જોઈને જાગેલી ઉત્તેજના, અર્ધનગ્ન અવસ્થામાં ટુવાલ વીંટાળવો, ચુંબનોની સરવાણી અને અંતે એકબીજામાં ભળી જવું - આ તમામ શારીરિક પ્રક્રિયાઓ એ કુદરતી આકર્ષણનો ભાગ છે. શારીરિક સંબંધ એ પ્રેમનો એક અત્યંત સુંદર અને મહત્વનો ભાગ છે, જે બે શરીરને એક બનાવે છે.

### માનસિક જોડાણ: પ્રેમનું સાચું સરનામું

પરંતુ જો આ સંબંધ કેવળ શારીરિક આકર્ષણ પૂરતો સીમિત હોત, તો સમાગમ પૂરો થતાં જ એ આકર્ષણ ઓસરી ગયું હોત. લેખના અંતે જ્યારે કિશોર અને જૂલી સંતોષકારક સમાગમ પછી પણ એકબીજાથી દૂર નથી થઈ શકતા અને એકબીજાના બાહોંમાં ખોવાયેલા રહે છે, ત્યારે ત્યાં 'માનસિક જોડાણ' સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

દિવસભરનો થાક હોવા છતાં કિશોરનું જૂલીની ઈચ્છાને માન આપીને બાઈક પર લઈ જવું, તેની ખુશીમાં જ પોતાની ખુશી માનવી - આ માનસિક જોડાણ છે. પ્રેમમાં જ્યારે બે વ્યક્તિ એકબીજાની લાગણીઓને સમજે છે, એકબીજાના થાકને દૂર કરવાનો પ્રયાસ કરે છે અને ફક્ત શારીરિક સુખ માટે નહીં પરંતુ માનસિક શાંતિ માટે એકબીજાનો સાથ શોધે છે, ત્યારે એ સંબંધ અમર બની જાય છે.

વરસાદી રોમાન્સ અને જીવનની લીલોતરી

આજની ભાગદોડ ભરેલી અને સ્ટ્રેસથી ભરેલી જિંદગીમાં પ્રેમપંખીડાં કે પરિણીત યુગલો પાસે એકબીજા માટે સમય ખૂબ ઓછો હોય છે. આવા સમયે વરસાદી વાતાવરણ એક 'કનેક્ટર' તરીકેનું કામ કરે છે. તે સંબંધોમાં જમા થયેલી ધૂળને ધોઈ નાખે છે અને પ્રેમના છોડને ફરીથી લીલોછમ કરી દે છે.

શારીરિક આકર્ષણ એ સંબંધની શરૂઆત કે ઉશ્કેરાટ હોઈ શકે છે, પણ એ આકર્ષણને ટકાવી રાખવાનું કામ આત્માનું જોડાણ એટલે કે માનસિક જોડાણ કરે છે. જ્યારે શારીરિક આકર્ષણ અને માનસિક જોડાણ આ બંનેનો સંગમ થાય છે, ત્યારે જ જૂલી અને કિશોર જેવી 'સંતોષકારક' અને મધુર ક્ષણોનો જન્મ થાય છે.

તેથી જ, જ્યારે પણ આકાશમાંથી વરસાદી બૂંદો વરસે, ત્યારે ફક્ત તેને છત્રી કે ઘરમાં પુરાઈને જુઓ નહીં, પરંતુ પોતાના પ્રિયપાત્રનો હાથ પકડીને એ બૂંદોને તમારા મન અને તન પર ઝીલી લો. પહેલાં વરસાદી બૂંદોથી ભીંજાઓ અને પછી પ્રિયજનના પ્રેમમાં... કારણ કે આ ક્ષણો જ જીવનને ખરા અર્થમાં જીવવા જેવું બનાવે છે.

હવે તમે જ વિચારો, તમારા સંબંધમાં વરસાદી બૂંદો માત્ર શરીરને સ્પર્શીને જતી રહે છે કે તમારા આત્મા સુધી પહોંચે છે?

# મિડલ ઈસ્ટ યુદ્ધમાં 16 ભારતીયોના મોતનો સરકારે સંસદમાં કર્યો ખુલાસો

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધ વચ્ચે કેન્દ્ર સરકારે સંસદમાં એક મોટો ખુલાસો કર્યો છે. વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે રાજ્યસભામાં જણાવ્યું કે મિડલ ઈસ્ટમાં યુદ્ધ શરૂ થયા બાદથી અત્યાર સુધીમાં 16 ભારતીય નાગરિકોના મોત થયા છે. જેમાં 10 નાવિકો (ક્રૂ મેમ્બર્સ) સામેલ છે. આ ઉપરાંત 75 ભારતીયો ઘાયલ પણ થયા છે. સીપીઆઈ-એમ સાંસદ જોન બ્રિટાસના સવાલના લેખિત જવાબમાં આ માહિતી આપવામાં આવી છે. કયા દેશમાં કેટલા મોત અને ઈજા? સરકાર દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, મૃતકોમાં સાઉદી અરેબિયામાં 1, કુવૈતમાં 2, ઓમાનમાં 8, ઈરાકમાં 1 અને યુએઈમાં 4 ભારતીય નાગરિક સામેલ છે.



જ્યારે ઘાયલોમાં યુએઈમાં 32, ઓમાનમાં 24, કતરમાં 4, કુવૈતમાં 13, સાઉદી અરેબિયામાં 1 અને ઈઝરાયલમા 1 ભારતીય નાગરિકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એક અલગ દુર્ઘટનામાં કતરના રાસ લફાન ગેસ પ્લાન્ટમાં 12 ભારતીયોના મોત થયા છે, જેનો સીધો સંબંધ યુદ્ધના હુમલાઓ સાથે નથી. સરકારે જણાવ્યું કે યુદ્ધ ક્ષેત્રમાં માર્યા ગયેલા નાવિકોના પરિવારજનોને ડીજીએમએ વેલફેર સ્કીમ હેઠળ 10 લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત યુનિયન સાથે જોડાયેલા નાવિકોને વધારાનું વળતર પણ મળે છે. જેમાં અધિકારીઓને 12 લાખ અને ક્રૂ મેમ્બર્સને 10 લાખ રૂપિયા સુધીની સહાય સામેલ છે. ફેબ્રુઆરી 2026 થી અત્યાર સુધી ભારતીય દૂતાવાસ દ્વારા ઈરાનથી 2557 ભારતીયોને આર્મેનિયા અને અઝરબૈજાનના રસ્તે સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. સરકારના અંદાજ મુજબ ઈરાનમાં હજુ પણ અંદાજે 7000 ભારતીયો હાજર છે, જેમાં વિદ્યાર્થીઓ, મજૂરો અને માછીમારો સામેલ છે.



### 902 વાહનો માટે પોલીસ કર્મચારીઓની તૈનાતીનું આયોજન

# રાજ્યમાં 112 જનરક્ષક વાહનો માટે પોલીસનું અલગ મહેકમ ઊભું કરાશે



ગાંધીનગર

ગુજરાતમાં 112 જનરક્ષક પ્રોજેક્ટ હેઠળ ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની વ્યવસ્થામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ડીજીપી અને આઈજીપી, ગુજરાત રાજ્ય દ્વારા 29 જુલાઈ, 2026ના રોજ કરાયેલા હુકમમાં 112 જનરક્ષક પ્રોજેક્ટ હેઠળ જિલ્લા અને શહેર કક્ષાએ પોલીસ અધિકારીઓ-કર્મચારીઓનું એટેચમેન્ટ ધોરણે અલગ નવું મહેકમ ઊભું કરવા અંગે સૂચનાઓ આપવામાં આવી છે.

હાલમાં 112 જનરક્ષક પ્રોજેક્ટ હેઠળ ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ સ્થાનિક પોલીસ સ્ટેશનના તાબા હેઠળ કામગીરી કરે છે. જનરક્ષક વાહનો અલગ-અલગ કલાકોની શિફ્ટમાં કાર્યરત રહે છે. હુકમમાં જણાવ્યા પ્રમાણે, 8 કલાકની શિફ્ટની જોગવાઈ પહેલેથી અમલમાં છે, જ્યારે નવા નિર્ણયનો મુખ્ય હેતુ 112 જનરક્ષક વાહનોની કામગીરી માટે જરૂરી પોલીસ મહેકમ અલગ રીતે ફાળવવાનો છે. ત્તાવાર વિગતો મુજબ રાજ્યમાં કુલ 902 જનરક્ષક વાહનો છે. તેમાંથી 402 વાહનો કાર્યરત છે. હાલમાં આ વાહનો પર ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની સંખ્યા અને શિફ્ટની વ્યવસ્થામાં શહેર-જિલ્લા પ્રમાણે તફાવત છે. હુકમમાં જણાવાયું છે કે, શહેર કે જિલ્લામાં મોટા બંદોબસ્ત દરમિયાન 112 જનરક્ષક વાહનોનો ઉપયોગ થતો હોવાથી પોલીસ કર્મચારીઓના ઉપયોગના કારણે કેટલાક વાહનો સ્ટાફના અભાવે અસરકારક રીતે કાર્યરત રહી શકતા નથી. ઉપરાંત જિલ્લા-શહેર પોલીસ કંટ્રોલ રૂમનું 112 વાહનો પર પૂરતું નિયંત્રણ રહે તે માટે પણ અલગ મહેકમની જરૂરિયાત દર્શાવવામાં આવી છે.

નવા નિર્ણય મુજબ શહેર અને જિલ્લામાં 112 જનરક્ષક પ્રોજેક્ટની કામગીરી માટે પોલીસ કર્મચારીઓનું એટેચમેન્ટ ધોરણે નવું મહેકમ ઊભું કરવામાં આવશે. આ માટે શહેર કક્ષાએ પોલીસ કમિશનર તથા જિલ્લા કક્ષાએ પોલીસ અધિક્ષક દ્વારા જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.

અલગ મહેકમ હેઠળ મુકાયેલા પોલીસ કર્મચારીઓની રજા, ઈજા સહિતની બાબતોની વિગતો પણ સંબંધિત કચેરીમાં ઉપલબ્ધ રહેશે. જેથી જનરક્ષક વાહનોની કામગીરી માટે સ્ટાફની ઉપલબ્ધતા જળવાઈ રહે.

હુકમ સાથેના કોષ્ટકમાં શહેર અને જિલ્લા પ્રમાણે 112 જનરક્ષક વાહનોની કુલ સંખ્યા, પોલીસના 112 જનરક્ષક વાહનોની સંખ્યા, જરૂરી પોલીસ ડ્રાઈવરો, જીવીકે ઈએમઆરઆઈના વાહનો અને ડ્રાઈવરો તથા પીએસઆઈની સંખ્યા દર્શાવવામાં આવી છે. નવી વ્યવસ્થાનો હેતુ 112 જનરક્ષક વાહનોને સ્થાનિક પોલીસ સ્ટેશનની સામાન્ય કામગીરીમાંથી અલગ કરીને માત્ર જનરક્ષક પ્રોજેક્ટની તાત્કાલિક સેવા અને સુરક્ષા કામગીરી માટે વધુ અસરકારક રીતે ઉપલબ્ધ રાખવાનો છે. હુકમમાં 112 વાહનોમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ માટે 8 કલાકની શિફ્ટને હિતાવહ ગણાવવામાં આવી છે. સ્થાનિક પોલીસ મહેકમ અને અનિવાર્ય સંજોગો પ્રમાણે 12 કલાકની શિફ્ટ રાખી શકાશે.

### દેવગઢબારિયા ખાતે NDRF દ્વારા

# આપત્તિ વ્યવસ્થાપન અંગે વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

દેવગઢબારિયા, તા. 31 જુલાઈ, 2026: દેવગઢબારિયા સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આજે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિસાદ દળ (NDRF)ની ટીમ દ્વારા વિદ્યાર્થીઓ માટે આપત્તિ વ્યવસ્થાપન (Disaster Management) અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન એનડીઆરએફના અધિકારીઓ અને જવાનોએ કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિઓ દરમિયાન કેવી રીતે સાવચેતી રાખવી, આપત્તિ સમયે ગભરાટ વિના યોગ્ય નિર્ણય કેવી રીતે લેવો તેમજ પોતાનો અને અન્ય લોકોનો જીવ કેવી રીતે બચાવવો તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને ભૂકંપ, પૂર, ભારે વરસાદ, વીજળી પડવી, આગ જેવી વિવિધ આપત્તિઓ દરમિયાન અનુસરવાની સુરક્ષા બાબતો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત, પ્રાથમિક બચાવ કામગીરી, ઈમરજન્સી સમયે કરવાના અને ન કરવાના પગલાં તેમજ આપત્તિ સમયે જરૂરી સંકલન અંગે પણ સમજ આપવામાં આવી હતી. એનડીઆરએફની ટીમ દ્વારા બચાવ અને રાહત કામગીરીનું પ્રાયોગિક નિદર્શન (ડેમો) પણ રજૂ કરવામાં



આવ્યું હતું, જેને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક નિહાળ્યું અને વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો મેળવી આપત્તિ વ્યવસ્થાપન અંગે ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં આપત્તિ પ્રત્યે જાગૃતિ વધારવાનો, સંકટની પરિસ્થિતિમાં યોગ્ય પ્રતિસાદ આપવાની ક્ષમતા વિકસાવવાનો તથા સુરક્ષિત સમાજના નિર્માણ માટે તેમને તૈયાર કરવાનો હતો.

### કાગળ પર 'બાલ શક્તિ' - વાસ્તવમાં ખાલી હાથ"

# "દાંતા, હડાદ તાલુકાની આંગણવાડીઓમાં બાળકોના પેટનું અનાજ ગાયબ!

બનાસકાંઠા

સરકાર કાગળ પર બાળકોના પોષણ માટે કરોડોનો ખર્ચ બતાવે છે. પરંતુ દાંતા તાલુકાની આંગણવાડીઓમાં હકીકત એકદમ અલગ છે. સરકારી નિયમ મુજબ આંગણવાડી દ્વારા આપાતુ ટેક હોમ રેશન (THR) ની યાદી મુજબ : 6 મહિનાથી 3 વર્ષના બાળકોને 'બાલ શક્તિ'ના 7 થી 10 પેકેટ, સગર્ભા-ધાત્રી માતાઓને 'માતૃ શક્તિ'ના 4 પેકેટ અને કિશોરીઓને 'પુષ્ટિ શક્તિ'ના 4 પેકેટ મળવા જોઈએ. પરંતુ દાંતા, હડાદ તાલુકાની મોટાભાગની આંગણવાડીઓમાં આ પ્રમાણેનો નાસ્તો બાળકોને મળતો જ નથી. બાળકોના મોઢામાંથી કોળિયો છીનવાઈ રહ્યો છે. સૌથી ગંભીર સવાલો: 1. ક્યાં ગયો જથ્થો? કાગળ પર તો દરેક બાળકને 100 ગ્રામના 7-10 પેકેટ બતાવાય છે. તો વાસ્તવમાં આંગણવાડીમાં અડધા પેકેટ પણ કેમ નથી પહોંચતા? 2. અધિકારીઓ કેમ મૌન? CDPO થી લઈને DDO સુધીના અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવા છતાં આંખ આડા કાન કેમ કરવામાં આવે છે? શું તંત્ર પણ આ કૌભાંડમાં સામેલ છે? 3. કોન્ટ્રાક્ટરની લૂંટ ક્યારે અટકશે? બાદરપુરા ગોડાઉનથી નીકળેલો જથ્થો આંગણવાડી સુધી પહોંચતા પહેલા જ કોન્ટ્રાક્ટરો દ્વારા બારોબાર ઉપાડી લેવામાં આવે છે. આની ઉચ્ચ કક્ષાની તપાસ કેમ નથી? 4. કુપોષણના આંકડા કોણ વધારે છે? જે બાળકો માટે 'બાલ શક્તિ' બનાવાઈ છે એ જ બાળકો કુપોષણનો ભોગ બને તો તેની જવાબદારી કોની? આ સરકારી યોજનાનું નામ બદનામ કરીને ગરીબ અને આદિવાસી બાળકોના પેટ પર તરાપ મારવાનું કામ બંધ થવું જોઈએ. લોકોની કડક માંગ: 1. દાંતા, હડાદ તાલુકાની તમામ આંગણવાડીઓનું તાત્કાલિક ઓડિટ અને સ્ટોક વેરિફિકેશન કરવામાં આવે. 2. જથ્થાની ચોરી કરનાર કોન્ટ્રાક્ટર અને મિલીભગત કરનાર અધિકારીઓ સામે FIR દાખલ કરી તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવે. 3. લાભાર્થીઓને સીધો જથ્થો મળે તે માટે ગ્રામ પંચાયત કક્ષાએ મોનિટરિંગ કમિટી બનાવવામાં આવે. જો 7 દિવસમાં કાર્યવાહી નહીં થાય તો બનાસકાંઠાની જનતા અને વાલીઓ કલેક્ટર કચેરીનો ઘેરાવો કરવા મજબૂર બનશે.

# કવાંટના ગડેથા ગામમાં સુખી નદીના પૂરના પાણી ઘરોમાં ઘૂસ્યા, ઘરવખરી અને ખેતીને ભારે નુકસાન

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના ગડેથા ગામમાં સુખી નદીમાં આવેલા પૂરના કારણે ગામના અનેક ઘરોમાં પાણી ઘૂસી જતાં લોકોની ઘરવખરી, અનાજ અને અન્ય જરૂરી ચીજવસ્તુઓને ભારે નુકસાન થયું છે. પૂરનાં પાણીના કારણે ખેડૂતોની ખેતી પણ પ્રભાવિત થઈ છે. ટામેટાની ખેતી માટે તૈયાર કરવામાં આવેલા વાસના લાકડા તણાઈ ગયા હતા તેમજ ઉભા પાકને પણ ભારે નુકસાન પહોંચ્યું હોવાનું સામે આવ્યું છે.

ઘટનાની જાણ થતાં જ વહીવટી તંત્ર તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચી ગયું હતું. તલાટી સહિતની ટીમ દ્વારા નુકસાનનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. અસરગ્રસ્ત પરિવારોના ઘરો તેમજ ખેતીમાં થયેલા નુકસાનની વિગતો એકત્રિત કરવાની કામગીરી ચાલી રહી છે. દરમિયાન જિલ્લા પંચાયતના કેટલાક સભ્યો અને સ્થાનિક આગેવાનો પણ ગડેથા ગામે પહોંચ્યા હતા. તેમણે અસરગ્રસ્ત પરિવારોની મુલાકાત લઈ સરકાર તરફથી શક્ય તમામ સહાય અને યોગ્ય વળતર અપાવવા માટે પ્રયાસ કરવાની ખાતરી આપી હતી.

# ભારે વરસાદ પછી પાણીજન્ય કે વાહકજન્ય રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી હાથ ધરાઇ

વિરમગામ, (વંદના નીલકંઠ વાસુકિયા)

વિરમગામ પંથકમાં પડેલા ભારે વરસાદ અને ઉપવાસથી આવેલા પાણીના કારણે વિરમગામ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં પાણીજન્ય કે વાહકજન્ય રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી હાથ કરવામાં આવી છે.

તાલુકા આરોગ્ય કચેરી વિરમગામની દેખરેખ હેઠળ આરોગ્ય કર્મચારીઓ દ્વારા સઘન ફિલ્ડ સર્વેલન્સ, એમ.એલ.ઓ છંટકાવ, ક્લોરીન ટેબલેટ વિતરણ, જનજાગૃતિ સહિતની વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે.

તાલુકા આરોગ્ય કચેરી વિરમગામની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ, ભારે વરસાદના લીધે અસરગ્રસ્ત ગામોમાં આરોગ્ય સેવાઓ સઘન બનાવવા સારું તાલુકા આરોગ્ય કચેરી વિરમગામ દ્વારા પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો



ન થાય અને જન આરોગ્ય જોખમાય નહિ તે હેતુ થી સર્વેલન્સની કામગીરી શરૂ કરવા માટે તાલુકા વિસ્તારના પ્રા.આ.કેન્દ્રોમાં સુચના આપી તમામ વિસ્તારોને અગમચેતીના ભાગરૂપે કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવી છે. જે અનુસંધાને આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘરે-ઘરે ફરીને પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળા સંબંધી સર્વે કામગીરી કરવામાં આવી રહી છે જેમાં પાણીના સુદ્ધીકરણ માટે ઘરે ઘરે ક્લોરીનની ટીકડીનું વિતરણ કરવામાં આવી રહે છે તથા મચ્છર કરડવાથી થતા મેલેરિયા,ડેન્ગ્યું, ચીકનગુનિયા વગેરે રોગો અટકાવવા મચ્છરઉત્પતિ અટકાવવા એમ.એલ.ઓ છંકટાવ અને ફોગીંગ કામગીરી, પોરાનાશક કામગીરીના ભાગ રૂપે કામગીરી કરવામાં આવી રહી છે. સાંપ્રત પરિસ્થિતિ અનુસંધાને તાલુકા આરોગ્ય વિરમગામના તાબા હેઠળના અસરગ્રસ્ત ગામોમાં મેડીકલ કેમ્પોનું આયોજન કરવામાં આવે છે.

### મુસીબત સામે 'માનવતા' જીતી!

# છોટાઉદેપુરના કવાંટમાં કોઝવે ધોવાતાં રસ્તો બંધ, આશા વર્કરે પ્રસૂતા અને નવજાતને 2 કિમી ખભા-પગપાળા ઘરે પહોંચાડ્યા!

છોટાઉદેપુર (ઇમરાન મિર્ઝા)

છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં અનરાધાર વરસાદ વચ્ચે એક તરફ તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી રહી છે, તો બીજી તરફ ફરજ અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતો દિલધડક કિસ્સો સામે આવ્યો છે! કવાંટ તાલુકામાં મોટી સાંકળ નજીક આવેલા ઝાલાવાડ ગામનો કોઝવે ધસમસતા પૂરના પાણીમાં ધોવાઈ જતાં સંપર્ક તૂટી ગયો હતો. પરંતુ, આ કાળઝાળ મુસીબતમાં આરોગ્ય ટીમ અને આશા વર્કરો 'દેવદૂત' બનીને વહારે આવ્યા હતા. બનાવની વિગત મુજબ, ઝાલાવાડ ગામના દુર્ગાબેન મેહુલ તડવીએ તાજેતરમાં જ નવજાત બાળકને જન્મ આપ્યો હતો. પૂરના લીધે કોઝવે તૂટી જતાં વાહનવ્યવહાર સાવ ઠપ્પ થઈ ગયો હતો અને પ્રસૂતા તથા તેમના માસૂમ બાળકને ઘરે પહોંચાડવું અત્યંત જોખમી અને અશક્ય બની ગયું હતું. પરિસ્થિતિની ગંભીરતા સમજીને આશા વર્કર કૈલાસબેન જયરામ રાઠવા અને તેમની સાથેની આરોગ્ય ટીમે સહેજ પણ ખચકાયા વગર મોટો નિર્ણય લીધો!



ધોધમાર વરસાદ, કાદવ-કીચડ અને ધસમસતા પાણીની વચ્ચે નવજાત શિશુ અને પ્રસુતા માતાને સુરક્ષિત રાખીને આ ટીમે અંદાજે ૨ કિલોમીટર સુધી પગપાળા ચાલીને મા-બાળકને સહીસલામત તેમના ઘરે પહોંચાડ્યા હતા! આશા વર્કર કૈલાસબેન રાઠવા અને આરોગ્ય ટીમના આ સાહસિક કાર્યને સમગ્ર ગુજરાત સલામ કરી રહ્યું છે. પરંતુ, આ જ ઘટનાએ ચોમાસામાં ગ્રામ્ય વિસ્તારોની વાસ્તવિકતા અને રસ્તાઓની કંગાળ હાલત ખુલ્લી પાડી દીધી છે: મૂળભૂત સુવિધાઓ ક્યાં? દર વર્ષે આઝાદીના દાયકાઓ પછી પણ અંતરિયાળ ગામડાઓમાં પાકા પુલ કે કોઝવે કેમ નથી બનતા? જો કોઈ ઈમરજન્સી સર્જાય હોત તો? જો આશા વર્કર અને આરોગ્ય ટીમે આ સાહસ ન બતાવ્યું હોત, તો તે માસૂમ બાળક અને માતાના જીવનું શું થાત? નેતાઓ અને અધિકારીઓ ક્યારે જાગશે? દર ચોમાસે ગામડાંઓ સંપર્કવિહોણા બની જાય છે, છતાં પણ માત્ર કાગળ પર યોજનાઓ બતાવીને સંતોષ માનવામાં આવે છે.

### 7000ની વસ્તીમાં 7 કર્મચારી સહિત 26 ગ્રામજનો હાજર રહ્યા

# સાધલી ગ્રામ પંચાયતે વાર્ષિક વિકાસ આયોજન માટે બોલાવેલ ગ્રામસભાનો ફિયાસ્કો

સાધલી, હસમુખ પટેલ

સાધલી ગ્રામ પંચાયત દ્વારા તારીખ 30 જુલાઈ ના રોજ આખા ગામમાં માઈક ફેરવીને એજન્ડા વગરની ગ્રામ સભા ની જાહેરાત કરાવી, તારીખ 31 જુલાઇ 11 કલાકે ગ્રામ પંચાયત કચેરી ખાતે હાજર રહેવા જણાવેલ હતું.

ગ્રામસભા નો મુખ્ય હેતુ જી.પી.ડી.પી. એટલે ગ્રામ પંચાયત વાર્ષિક વિકાસ આયોજન કાર્યક્રમ, જેમાં 16મા નાણાપંચ અંતર્ગત વિકાસ કામોનું વાર્ષિક આયોજન કરવાનું હતું. ઈન્ચાર્જ સરપંચ સંકેત પટેલ ના અધ્યક્ષ સ્થાને ગ્રામસભા રાખવામાં આવી હતી જેમાં ત.ક. મંત્રી જીગ્નેશ કિશોરી તથા મહિલા તલાટી જયાબેન પટેલ ની સાથે, 3 પંચાયત સદસ્ય, 5 આંગણવાડી વર્કરો અને 15 ગ્રામજનો હાજર રહ્યા હતા.

આ સભામાં પંચાયતના સભ્યો દ્વારા



તલાટી કમ મંત્રી જીગ્નેશ કિશોરીને વિકાસ કામો અંગે માહિતી અને અમુક વિસ્તારમાં કામો કેમ થતા નથી, નોટીસો કેમ આપતા નથી, અને તે બાબતે નાણાકીય આક્ષેપો થતાં તલાટી ઉશ્કેરાઈ ગયા હતા અને એક તબક્કે ગ્રામસભા છોડીને બહાર નીકળી ગયા હતા, પરંતુ ઈન્ચાર્જ સરપંચ સંકેત પટેલના બોલાવવાથી પરત સભામાં હાજર થયા હતા. આ ગ્રામ સભા વિકાસના આયોજનના બદલે વ્યક્તિગત અંગત રાગ દ્વેષ માટે બોલાવી હોય તેવું લાગતું હતું, જેથી અમુક ગ્રામજનો માત્ર સહી કરીને જતા રહ્યા હતા ,જેના કારણે રજીસ્ટર પર 26 ની હાજરી દેખાય છે. 7000 ઉપરાંત ની વસ્તી ધરાવતા સાધલી ગામમાં માઈક દ્વારા જાહેરાત કરાવ્યા છતાં પણ માત્ર કર્મચારીઓ સાથે 26 ની હાજરી હતી. એટલે આ ગ્રામસભા નો સદંતર ફિયાસ્કો થયેલ છે. અને ગ્રામસભા નો મુખ્ય હેતુ વાર્ષિક વિકાસનું આયોજન ખોરંભે પડ્યું હતું. અને વિકાસ કામોને બદલે આ ગ્રામ સભા અંગત વિવાદી કામો માટે બોલાવી હોય તેમ લાગતું હતું.અમૂક સભ્યો તથા તલાટી વચ્ચે સંકલન ના હોવાનું બહાર આવેલ છે. ગ્રામજનોને આવી અંગત વિવાદી ગ્રામસભાઓ માં કોઈ પણ રસ નથી, જે આજે દેખાઈ આવેલ છે.

# બોરડીસમઢીયાળા ગામે જાહેરમાં ચાલતા જુગારધામ પર તાલુકા પોલીસ ત્રાટકી : 25.600ની રોકડ સાથે 6 શખ્સો ઝડપાયા

જેતપુર, સુરેશ ભાલીયા

જેતપુર તાલુકાના બોરડીસમઢીયાળા ગામમાં જાહેર શેરીમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી ૬ શખ્સોને ઝડપી લીધા છે. પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે રેન્જ આઈજી નિર્લિપ્ત રાય, એસપી વિજયસિંહ ગુર્જર અને ડીવાયએસપી આર.એ.ડોડીયાની સૂચનાથી જેતપુર તાલુકા પોલીસે આ કામગીરી કરી હતી.

જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એલ. આહિરના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ ગિરીશભાઈ બગડા તથા ઝવેરભાઈ સારલા પેટ્રોલીંગમાં હતા, તે દરમિયાન મળેલી હકીકતને આધારે બોરડીસમઢીયાળા ગામે ભરતભાઈ જાદવના ઘર પાસે રેડ કરવામાં આવી હતી. ત્યાં જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમતા ૬ શખ્સો પાસેથી રોકડા રૂ. ૨૫,૬૦૦/- અને જુગારનું સાહિત્ય મળી આવ્યું હતું.

### 6 પોલીસસ્ટેશન સહિત વિવિધ બ્રાન્ચના 10 અધિકારીઓની બદલી

# સાબરકાંઠા પોલીસ વિભાગમાં PSIની આંતરિક બદલીઓ

ઈડર, જાકીર મેમણ

6 પોલીસસ્ટેશન સહિત વિવિધ બ્રાન્ચના 10 અધિકારીઓની બદલી સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગમાં વહીવટી કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે 10 પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI)ની આંતરિક બદલીઓ કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલે આ બદલીઓના હુકમો જાહેર કર્યા છે. આ બદલીઓમાં જિલ્લાના 6 પોલીસ સ્ટેશન ઉપરાંત વિવિધ શાખાઓમાં ફરજ બજાવતા અધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. વિવિધ પોલીસ સ્ટેશન અને બ્રાન્ચમાં નવી નિમણૂકોઆંતરિક બદલી હેઠળ પેરોલ-ફર્લો સેલ, વડાલી પોલીસ સ્ટેશન, હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશન, ક્યુઆરટી, તલોદ પોલીસ સ્ટેશન, હિંમતનગર રૂરલ પોલીસ સ્ટેશન, ઈડર વિભાગ, ખેડબ્રહ્મા અને જાદર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા PSIની બદલી કરવામાં આવી છે. બદલાયેલા અધિકારીઓને હિંમતનગર રૂરલ પોલીસ સ્ટેશન, પેરોલ-ફર્લો સેલ, હિંમતનગર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન, હિંમતનગર કંટ્રોલ રૂમ, જાદર, ખેડબ્રહ્મા, હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશન, વડાલી, તલોદ અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નવી નિમણૂક આપવામાં આવી છે. વહીવટી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ પોલીસ વિભાગમાં સમયાંતરે કરવામાં આવતી આંતરિક બદલીઓનો મુખ્ય હેતુ વહીવટી કાર્યક્ષમતા વધારવાનો, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવાનો તેમજ અધિકારીઓના અનુભવનો વિવિધ સ્થળોએ અસરકારક ઉપયોગ કરવાનો હોય છે. આ બદલીઓ બાદ સંબંધિત પોલીસ સ્ટેશનો અને શાખાઓમાં કામગીરીને નવી દિશા મળવાની શક્યતા છે.

# સાધલી મુકામે પકડાયેલા 14 જુગારીઆને રિમાન્ડ પૂરો થતાં કરજણ કોર્ટે શરતોને આધીન જામીન મુક્ત કર્યા

સાધલી, હસમુખ પટેલ



સાધલી મુકામે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા 14 જુગારીયાઓને તથા 12,71,0 00 નો મુદ્દામાલ તારીખ 28 જુલાઈ ના રોજ જપ્ત કર્યો હતો. તારીખ 29 જુલાઈએ શિનોર કોર્ટમાં રજૂ કરાતાં 31 જુલાઈ સુધી રિમાન્ડ આપ્યા હતા અને આજે રિમાન્ડ પુરા થતાં શિનોર કોર્ટ ના જજ સાહેબ રજા પર હોવાથી તેમનો ચાર્જ કરજણ નામદાર કોર્ટ પાસે હોવાથી પોલીસે ત્યાં રજુ કરતાં તમામ 14 આરોપીઓને શરતોને આધીન જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવેલ છે. તમામે 15,000 ના જામીન રૂપિયા 5000 ની ડિપોઝિટ તથા તમામ આરોપીઓએ કેસ ચાલતા દરમ્યાન નિયમિત હાજર રહેવું અને ફરીથી આવા ગુના નું પુનરાવર્તન કરવું નહીં તેવી શરતો મુકેલ હતી.



### શૉની સફળતામાં એ તમામ કલાકારોનો પણ સાથ હતો અને મોટું યોગદાન હતું

# મુનમુન દત્તાએ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓ સાથે થતા ભેદભાવ અંગે ઠાલવ્યું દર્દ

મુંબઈ

'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા'ની ગ્લેમરસ એક્ટ્રેસ 'બબીતાજી'- મુનમુન દત્તાએ ઈન્ડસ્ટ્રીમાં કામ મળવું કેટલું મુશ્કેલ છે એના અંગે દિલ ખોલીને વાત કરી હતી. ખાસ કરીને ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓના સન્માન અને કામ મળવાની બાબતમાં કેટલીક તરફેણ અંગે તેમણે વિગતવાર વાત કહી છે. મુનમુન દત્તાનું કહેવું છે કે, આ કોઈ એક પ્રોડક્શન કે યુનિટની વાત નથી. ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓને લઈને ઘણા ભેદભાવ કરવામાં આવી રહ્યા છે, જે યોગ્ય નથી. મહિલાઓને એટલી કોઈ ક્રેડિટ આપવામાં આવતી નથી જેટલી એ ખરેખર ઈચ્છતી હોય છે કે, ડીઝર્વ કરતી હોય છે. હકીકત એવી પણ છે કે, મુનમુનને 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા'થી આગવી ઓળખ પ્રાપ્ત થઈ છે. ઓફસ્ક્રિન પર તેઓ બબીતાજી નામથી જાણીતી છે. લાંબા સમય સુધી તે 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા' શૉમાં ટકી રહી છે. પોતાના શૉ અને અસાઈમેન્ટમાં પૂરતું ધ્યાન આપતી મુનમુન દત્તાએ મહિલાઓને કામ મળવાને લઈને ઈન્ડસ્ટ્રીની કેટલીક વાત કહી છે. મુનમુનનું એવું કહેવું છે કે, જે મહિલા ખરેખર ઈન્ડસ્ટ્રીમાં મહેનત કરે છે એમના યોગદાનની નોંધ યોગ્ય રીતે લેવાવી જ જોઈએ. તાજેતરમાં જ શૉના 18 વર્ષ પૂરા થતા મુનમુને પોતાની સાથે રહેલી કૉ-સ્ટાર અંગે વાત કરી હતી. પોતાની કૉ-સ્ટારના વખાણ પણ કર્યા હતા. એમની ટેલેન્ટ, કમિન્ટમેન્ટ અને પ્રોફેશનાલિઝમની એક અલગ જ વાત કરી હતી. મુનમુને કહ્યું કે, અન્ય મહિલાઓની તુલનામાં મેં ક્યારેક મારી જાતને એક કોમ્પિટીટર તરીકે જોઈ નથી. હું યુવતીઓને સાથ આપનારી એક એવી યુવતી છું જે જુના જમાનામાં પણ હતી. તમે મને મજબૂત ફેમિનિસ્ટ કહી શકો છો. હું એવું માનું છું કે, જો ખરેખર આગળ વધવું હોય તો સૌને સાથે લઈને આગળ વધવું જોઈએ. મને અહીંયા કોઈની પણ સાથે કોઈ દિવસ અસહજ મહેસૂસ થયું નથી અને કોઈ ઈનસિક્યોરિટી પણ ફીલ થઈ નથી. મુનમુને શૉના જૂના અને નવા બન્ને કલાકારોના દિલથી વખાણ કર્યા હતા. શૉની સફળતામાં એ તમામ કલાકારોનો પણ સાથ હતો અને મોટું યોગદાન હતું. અમારી ટીમમાં કેટલાક બેસ્ટ સભ્યો તાજેતરમાં આવ્યા છે. એમની પણ બેસ્ટ રીતે એન્ટ્રી થઈ છે. તેઓ ખૂબ જ સારૂ કામ કરી રહ્યા છે.

**જે મહિલા ખરેખર ઈન્ડસ્ટ્રીમાં મહેનત કરે છે એમના યોગદાનની નોંધ યોગ્ય રીતે લેવાવી જ જોઈએ**

# સલમાન ખાને અચાનક વેચી દીધો મુંબઈનો ફ્લેટ

## પોતાની આવનારી ફિલ્મ માતૃભૂમિને લઈને તોચર્ચામાં છે જ, પણ હવે રીયલ એસ્ટેટ ક્ષેત્રે માઈલસ્ટોન ઊભા કરી રહ્યો છે



મુંબઈ

બોલિવૂડના કલાકારોનો રીયલ એસ્ટેટ પ્રત્યેનો પ્રેમ એ કોઈ નવી વાત નથી. બંગલા, ગાડી અને હોટેલ-રીસોર્ટમાં રોકાણ બાદ હવે કલાકારો કરોડોમાં ખરીદેલી પ્રોપર્ટીને વેચીને અન્ય કોઈ આવકના સ્ત્રોતમાં રોકાણ કરી રહ્યા છે. બોલિવૂડના ભાઈજાન-સલમાન ખાન સમુદ્ર કિનારે એક આલીશાન ઘર બનાવી રહ્યો છે. એક્ટરે પોતાનો બાંદ્રામાં રહેલો એક ફ્લેટ વેંચી નાંખ્યો છે. સલમાન ખાન પોતાની આવનારી ફિલ્મ માતૃભૂમિને લઈને તોચર્ચામાં છે જ. પણ હવે રીયલ એસ્ટેટ ક્ષેત્રે પણ માઈલસ્ટોન ઊભા કરી રહ્યો છે. સમુદ્ર કિનારે એક આલીશાન ઘર તૈયાર થઈ રહ્યું છે. સલમાન ખાને પોતાનો જુનો એક ફ્લેટ વેચી નાંખ્યો હોવાનું જાણવા મળ્યું છે. કરોડોનો સોદો ફાયદામાં બ્રાંદ્રા વિસ્તારમાં આવેલો ફ્લેટ વેચી નાખવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આ ફ્લેટની કિંમત કરોડોમાં હોવાનું મનાય રહ્યું છે. આમ પણ બ્રાંદ્રા વિસ્તાર કલાકારોનો વિસ્તાર ગણવામાં આવે છે. આ વિસ્તારમાં દરેક પ્રોપર્ટીના ભાવ કરોડોમાં હોય છે. આ પરથી કહી શકાય કે, આ ફ્લેટનો ભાવ પણ કરોડોમાં હોઈ શકે છે. વર્ષ 2015માં આ ફ્લેટ સલમાને ખરીદ્યો હતો. હવે ફાયદાના સોદા સાથે આ ફ્લેટને વેંચી દેવામાં આવ્યો છે. CRE મેટ્રિક્સના રીપોર્ટ અનુસાર સલમાન ખાને બ્રાંદ્રામાં આવેલો ફ્લેટ વેચ્યો છે. આ માટે 3.5 કરોડનો સોદો થયો હતો.આ ફ્લેટ 2.88 કરોડમાં ખરીદવામાં આવ્યો હતો. ડૉક્યુમેન્ટ રિપોર્ટ અનુસાર આ ફ્લેટ શિવ અસ્થાનમાં સ્થિત છે. જે બ્રાંદ્રા વેસ્ટમાં છે. 13 જુલાઈના રોજ સલમાન ખાને આ ફ્લેટ વેચી નાખ્યો જ્યારે 9 જુલાઈ 2026ના રોજ આ ફ્લેટ રજીસ્ટર કરવામાં આવ્યો હતો. આ ડીલ માટે 21 લાખની સ્ટેમ્પ ડ્યૂટી પણ ચૂકવવામાં આવી છે. 30,000 રજીસ્ટ્રેશન ફી આપવામાં આવી છે.

# Spider-Man: Brand New Day'એ બોક્સ ઓફિસ હલાવી નાખ્યું

## રિલીઝના પહેલા જ દિવસે વિશ્વભરમાં 1,000 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે

મુંબઈ

વૈશ્વિક સિનેમાના ઈતિહાસમાં બોક્સ ઓફિસના તમામ જૂના રેકોર્ડ ધ્વસ્ત થઈ ગયા છે. માર્વેલ સિનેમેટિક યુનિવર્સની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે'એ રિલીઝ થતાંની સાથે જ વિશ્વભરમાં કમાણીનું નવું તોફાન સરજ્યું છે. હોલિવૂડ સુપરસ્ટાર ટોમ હોલેન્ડ સ્ટારર આ ફિલ્મે તેના ઓપનિંગ ડે પર જ વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર 1,000 કરોડ રૂપિયાનો આંકડો પાર કરીને ઈતિહાસ રચી દીધો છે. આ સાથે જ આ ફિલ્મ વૈશ્વિક સ્તરે પહેલા જ દિવસે આટલી જંગી કમાણી કરનારી દુનિયાની સૌથી સફળ ફિલ્મોની યાદીમાં સામેલ થઈ ગઈ છે. ગ્લોબલ બોક્સ ઓફિસ પર 'સ્પાઈડર-મેન' ક્રેઝ અહેવાલો અનુસાર, ફિલ્મની એડવાન્સ બુકિંગથી જ અંદાજો આવી ગયો હતો કે ઓપનિંગ ઐતિહાસિક રહેશે. નોર્થ અમેરિકાની સાથે સાથે ઈન્ટરનેશનલ માર્કેટ્સ જેવા કે યુકે, ચાઈના, ઓસ્ટ્રેલિયા અને ભારતમાં પણ આ ફિલ્મને બમ્પર ઓપનિંગ મળ્યું છે. ભારતમાં પણ આ ફિલ્મના ક્રેઝના કારણે મધ્યરાત્રિ અને વહેલી સવારના શો પણ હાઉસફુલ જોવા મળ્યા હતા. માર્વેલના ચાહકો માટે આ ફિલ્મ માત્ર એક સિનેમા નથી પરંતુ એક મોટો ઉત્સવ સાબિત થઈ રહી છે, જેના કારણે કમાણીના આંકડા 1,000 કરોડને પાર પહોંચ્યા છે. 'સ્પાઈડર-મેન: નો વે હોમ'ની ભવ્ય સફળતા બાદ ચાહકો પીટર પાર્કરની આગળની જર્ની જોવા માટે આતુર હતા. 'બ્રાન્ડ ન્યૂ ડે'માં પીટર પાર્કરના જીવનની એક નવી અને તદ્દન અલગ જ સફર દર્શાવવામાં આવી છે, જ્યાં તેની ઓળખ દુનિયા ભૂલી ચૂકી છે. ફિલ્મમાં હાઈ-ઓક્ટેન એક્શન સિક્વન્સ, ઈમોશનલ ડ્રામા અને આશ્ચર્યજનક કેમિયોએ દર્શકોને થિયેટરોમાં સીટો પરથી ઉભા થઈને તાળીઓ પાડવા મજબૂર કર્યા છે. ક્રિટિક્સ અને દર્શકો તરફથી મળી રહેલા શાનદાર રિવ્યૂઝ અને પોઝિટિવ માઉથ પબ્લિસિટીના કારણે ફિલ્મનો ગ્રાફ સતત ઊંચો જઈ રહ્યો છે. પહેલા જ દિવસે 1,000 કરોડથી વધુની ઐતિહાસિક ઓપનિંગ લીધા બાદ હવે ટ્રેડ એનાલિસ્ટ્સ અનુમાન લગાવી રહ્યા છે.





# 'ગોપી બહુ'ની પોસ્ટથી સોશિયલ મીડિયા પર બબાલ

## આખો મામલો મંત્રોચ્ચાર, અનામત, જ્ઞાતિ અને નોકરી સુધી પહોંચી ગયો હતો, જેના પછી યુઝર્સે અભિનેત્રીને જોરદાર ઘેરી લીધી હતી

મુંબઈ

ટીવી સિરિયલ 'સાથ નિભાના સાથિયા'ની પ્રખ્યાત 'ગોપી બહુ' એટલે કે દેવોલીના ભટ્ટાચાર્જી (Devoleena Bhattacharjee) ફરી એકવાર પોતાના નિવેદનને લઈને ભારે ચર્ચામાં આવી છે. આ વખતે તેની એક સોશિયલ મીડિયા પોસ્ટે નેટિઝન્સ વચ્ચે જોરદાર વિવાદ છેડી દીધો છે. આખો મામલો મંત્રોચ્ચાર, અનામત (Reservation), જ્ઞાતિ અને નોકરી સુધી પહોંચી ગયો હતો, જેના પછી યુઝર્સે અભિનેત્રીને જોરદાર ઘેરી લીધી હતી. X (અગાઉનું ટ્વિટર) પર એક યુઝરે એક વીડિયો શેર કર્યો હતો, જેમાં કેટલાક બ્રાહ્મણ બાળકો વેદ પાઠ અને મંત્રોચ્ચાર કરતા જોવા મળી રહ્યા હતા.

વીડિયો શેર કરતા યુઝરે સવાલ ઉઠાવ્યો હતો કે આવી ધાર્મિક શિક્ષાનો દેશના વિકાસમાં શું ફાળો છે? તેણે લખ્યું કે આનાથી માત્ર એક જ્ઞાતિ વિશેષને જ ફાયદો થશે, કારણ કે મોટા થઈને તેઓ મંદિરોમાં પૂજારી કે ટ્રસ્ટી બની શકે છે. આ પોસ્ટ પર અન્ય એક યુઝરે કોમેન્ટ કરતા લખ્યું કે, "ભણવાના સમયે મંત્રોચ્ચાર કરશે, પછી નોકરી નહીં મળે તો અનામતને દોષ આપશે. શરમજનક." આ કોમેન્ટ પર દેવોલીના ભટ્ટાચાર્જીએ સખત વિરોધ નોંધાવતા જવાબમાં લખ્યું કે: "મંત્રોચ્ચાર કરીને જુઓ. અનામતની જરૂર નહીં પડે. પોતે પણ જ્ઞાની બનશો અને બીજાને પણ તકલીફ નહીં થાય."

બસ, આ જ જવાબ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો અને લોકો બે જૂથમાં વહેંચાઈ ગયા. યુઝર્સે કરી આકરા પાણીએ ટીકા દેવોલીનાની આ પોસ્ટ બાદ ઘણા યુઝર્સે તેની આકરી ટીકા કરવાનું શરૂ કર્યું હતું. એક યુઝરે લખ્યું, "તમારી વાતોમાં એટલું જ લોજિક છે જેટલું તમારી ટીવી સિરિયલોમાં હોય છે." જ્યારે અન્ય કેટલાક લોકોએ તેના પર રાજકીય ચાટુકારિતાનો આરોપ લગાવ્યો હતો.

# ચાપલૂસીની ચરમસીમા: અભિનેતા સુદેશ બેરીએ મોદીને વિષ્ણુનો અવતાર ગણાવ્યા ? પગ ધોઈને પાણી પીવા તૈયાર...

મુંબઈ

બોલીવુડ અભિનેતા સુદેશ બેરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંગે કરેલી ટિપ્પણીઓએ સોશિયલ મીડિયા પર ભારે હોબાળો મચાવ્યો છે. એક પોડકાસ્ટમાં તેમણે વડાપ્રધાન મોદીને ભગવાન વિષ્ણુનો અવતાર ગણાવતા કહ્યું કે તેઓ તેમના પગ ધોઈને તે પાણી પીવા માંગે છે. તેમના આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર સમર્થન અને ટીકા બંને જોવા મળી રહ્યા છે. સુદેશ બેરીએ કહ્યું કે તેઓ વ્યક્તિગત રીતે ક્યારેય વડાપ્રધાન મોદીને મળ્યા નથી, પરંતુ ભગવાનને જોયા વગર જેમ લોકો તેમની પૂજા કરે છે, તેવી જ રીતે તેઓ મોદીજી પ્રત્યે આદર વ્યક્ત કરે છે. તેમણે જણાવ્યું કે, 'હું મોદીજીના પગ ધોઈને તે પાણી પીવા માંગું છું. જો કોઈ મારી તેમની સાથે મુલાકાત કરાવી આપે તો મને ખૂબ આનંદ થશે. હું કોઈ રાજકીય પક્ષથી પ્રેરિત નથી, પરંતુ



એક વ્યક્તિ તરીકે તેમનું ખૂબ જ સન્માન કરું છું.' અભિનેતાએ વડાપ્રધાન મોદીના કાર્યની પ્રશંસા કરતાં કહ્યું કે ચા વેચનાર વ્યક્તિએ દેશને વૈશ્વિક સ્તરે એક નવી ઓળખ આપી છે. તેમણે દાવો કર્યો કે આજે ભારતમાં 'રામ રાજ્ય' આવી ગયું છે અને કેટલાક લોકો માત્ર સોશિયલ મીડિયા પર લોકપ્રિયતા મેળવવા માટે મોદીજીને ગાળો આપે છે એક ખાનગી પોડકાસ્ટ દરમિયાન સુદેશ બેરીએ કોકરોચ જનતા પાર્ટી (સીજેપી )ના વિરોધ પ્રદર્શનની પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું કે તેઓ આ સંગઠનને ઓળખતા પણ નથી, પરંતુ આવા આંદોલનો દેશને આગળ વધારવાને બદલે પાછળ ધકેલી રહ્યા છે. તેમના મત મુજબ, જો સમાજની સેવા કરવી હોય તો બગીચા, વૃદ્ધાશ્રમ અને જનહિતના કામ કરવા જોઈએ, માત્ર જંતર-મંતર પર બેસીને વિરોધ પ્રદર્શન કરવાથી કોઈ હકારાત્મક પરિણામ મળતું નથી. તેમણે સીજેપીના નામ પર પણ કટાક્ષ કરતાં કહ્યું કે 'કોઈ જીવડાના નામે પાર્ટી બનાવવાને બદલે બીજું કંઈ નામ પણ રાખી શક્યા હોત.' જોકે, વડાપ્રધાન મોદી અંગેના તેમના નિવેદનને લઈને સોશિયલ મીડિયા પર અનેક લોકોએ તેમની ટીકા કરી છે.

## સાઉથ આફ્રિકામાં 8 સ્થળો, ઝિમ્બાબ્વે-નામિબિયા પણ યજમાન

# 2027 વન-ડે વર્લ્ડકપના 12 યજમાન શહેરોની જાહેરાત

મુંબઈ

ICCએ 2027 વન-ડે વર્લ્ડ કપ માટે 12 યજમાન શહેરોની જાહેરાત કરી દીધી છે. ટુર્નામેન્ટ 4 ઓક્ટોબરથી 21 નવેમ્બર સુધી સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં રમાશે. સાઉથ આફ્રિકાના 8 સ્થળોએ મેચ રમાશે. જેમાં જોહાનિસબર્ગ, સેન્ચુરિયન, ડર્બન, ગ્કેબેર્હા, કુગોમ્પો સિટી, કેપટાઉન, પાર્લ અને બ્લોમફોન્ટેન શહેરો હશે. જ્યારે ઝિમ્બાબ્વેના હરારે, બુલાવાયો અને વિક્ટોરિયા ફોલ્સ અને નામિબિયાની રાજધાની વિન્ડહોકમાં પણ મેચ રમાશે. ફાઈનલ મેચ જોહાનિસબર્ગના વાન્ડરર્સ અથવા કેપટાઉનના ન્યૂલેન્ડ્સ સ્ટેડિયમમાં થઈ શકે છે. વન-ડે વર્લ્ડ કપ 24 વર્ષ પછી આફ્રિકામાં પરત ફરી રહ્યો છે. આ પહેલા 2003માં સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને કેન્યાએ ટુર્નામેન્ટની યજમાની કરી હતી. આ પછી સાઉથ આફ્રિકા 2007 T20 વર્લ્ડ કપ, 2009 ચેમ્પિયન્સ ટ્રોફી અને 2023 મહિલા



T20 વર્લ્ડ કપની યજમાની કરી ચૂક્યું છે. નામિબિયા પહેલીવાર કોઈ સિનિયર ICC ટુર્નામેન્ટની યજમાની કરશે. જોકે, આ જ વર્ષે તેણે ઝિમ્બાબ્વે સાથે મળીને અંડર-19 વર્લ્ડ કપનું આયોજન કર્યું હતું. વર્લ્ડ કપની કુલ 54 મેચમાંથી ઓછામાં ઓછી 41 મેચ સાઉથ આફ્રિકામાં રમાવાની શક્યતા છે. ઝિમ્બાબ્વેને 7થી 10 મેચની યજમાની મળશે, જ્યારે નામિબિયામાં ઓછામાં ઓછી ત્રણ મેચ રમાશે. બેનોની અને પોટચેફસ્ટ્રુમને વોર્મ-અપ વેન્યુ બનાવ્યા છે. આ બંને શહેરો આવતા વર્ષે યોજાનાર વર્લ્ડ કપ ક્વોલિફાયરની યજમાની પણ નામિબિયા સાથે મળીને કરી શકે છે. 12 શહેરોમાં વિક્ટોરિયા ફોલ્સ નવું વેન્યુ છે. અહીં 10 હજાર દર્શકોની ક્ષમતાવાળું નવું સ્ટેડિયમ બનાવવામાં આવી રહ્યું છે, જે આ વર્ષના અંત સુધીમાં તૈયાર થવાની અપેક્ષા છે. 2027 વન-ડે વર્લ્ડ કપમાં કુલ 14 ટીમ ભાગ લેશે. ICCએ તાજેતરમાં આ માટે નવું થ્રી-સ્ટેજ ફોર્મેટ મંજૂર કર્યું છે. ટુર્નામેન્ટની શરૂઆત સુપર સિરીઝથી થશે, જેમાં રેન્કિંગની 12મી, 13મી અને 14મી ટીમ આમને-સામને હશે. આમાંથી એક ટીમ આગલા સ્ટેજમાં પહોંચશે. ત્યારબાદ 12 ટીમને 6-6 ટીમના બે ગ્રુપમાં વહેંચવામાં આવશે. બંને ગ્રુપની ટૉપ-3 ટીમ અને ચોથા સ્થાને રહેલી બંને ટીમમાંથી વધુ સારી એક ટીમ સુપર-7 રાઉન્ડમાં પહોંચશે.

## કોલકાતામાં બ્રાઝિલ સામે ટકરાઈ શકે છે ભારતીય ફૂટબોલ ટીમ

કોલકાતા

પાંચ વખતની વર્લ્ડ ચેમ્પિયન બ્રાઝિલની મેન્સ ફૂટબોલ ટીમ 3 ઓક્ટોબરે કોલકાતામાં ભારત સામે ઈન્ટરનેશનલ ફ્રેન્ડલી મેચ રમી શકે છે. બ્રાઝિલના મીડિયા આઉટલેટ GE ગ્લોબોના રિપોર્ટ અનુસાર, આ મુકાબલો બ્રાઝિલના 2026ના ઈન્ટરનેશનલ કેલેન્ડરનો ભાગ છે. જોકે, AIFF અને બ્રાઝિલિયન ફૂટબોલ કન્ફેડરેશન (CBF)એ હજુ સુધી તેની સત્તાવાર પુષ્ટિ કરી નથી. ઓસ્ટ્રેલિયા પ્રવાસ બાદ ભારત આવશે બ્રાઝિલ ટીમ રિપોર્ટ અનુસાર, બ્રાઝિલ ટીમ સપ્ટેમ્બર-ઓક્ટોબર ફીફા વિન્ડોમાં ત્રણ ઈન્ટરનેશનલ ફ્રેન્ડલી મેચ રમશે. પ્રથમ બે મુકાબલા 25 અને 29 સપ્ટેમ્બરે ઓસ્ટ્રેલિયાના ટાઉન્સવિલે અને બ્રિસ્બેનમાં થશે. ત્યારબાદ 3 ઓક્ટોબરે કોલકાતામાં ભારત સામે ત્રીજો અને છેલ્લો મેચ પ્રસ્તાવિત છે. છેલ્લા એક અઠવાડિયાથી બ્રાઝિલના ભારત પ્રવાસને લઈને અટકળો તેજ હતી. ESPN બ્રાઝિલના પ્રારંભિક અહેવાલોમાં જણાવાયું હતું કે બ્રાઝિલિયન ફૂટબોલ કન્ફેડરેશન (CBF) કોલકાતામાં એક ફ્રેન્ડલી મેચનું આયોજન કરવા માટે વાતચીત કરી રહ્યું છે, જોકે ત્યારે વિરોધી ટીમનું નામ નક્કી નહોતું. હવે તાજેતરના અહેવાલમાં ભારતને પ્રતિસ્પર્ધી તરીકે દર્શાવવામાં આવ્યું છે.

### રજ, રોહિત, યશ જેવેલિન-થ્રોની ફાઇનલમાં

## કોમનવેલ્થ ગેમ્સમાં ભારત 10મા સ્થાને, 17 મેડલ જીત્યા

ગ્લાસગો

લવપ્રીત સિંહે કોમનવેલ્થ ગેમ્સના આઠમા દિવસે ભારતને સિલ્વર મેડલ અપાવ્યો છે. જ્યારે, મહિલાઓની ડિસ્કસ થ્રો ઈવેન્ટમાં સીમાએ બ્રોન્ઝ મેડલ જીત્યો. મોડી રાત્રે લવપ્રીતે પુરુષોની વેઈટલિફ્ટિંગની 110 કિલો વજન વર્ગમાં 388 કિલોગ્રામ વજન ઉઠાવ્યું. તેણે સ્નેચમાં 176 અને ક્લીન એન્ડ જર્કમાં 212 કિલોગ્રામ વજન ઉઠાવ્યું. બીજી તરફ સીમાએ તેના ત્રીજા પ્રયાસમાં 58.65 મીટર થ્રો કર્યો. આ બ્રોન્ઝ મેડલ પછી ભારતના કુલ 17 મેડલ થઈ ગયા છે. જેમાં 3 ગોલ્ડ, 10 સિલ્વર અને 4



બ્રોન્ઝનો સમાવેશ થાય છે. ભારત 10મા સ્થાને છે. લવપ્રીતે સ્નેચમાં કોમનવેલ્થ ગેમ્સનો નવો રેકોર્ડ બનાવ્યો. તે ગોલ્ડ મેડલ જીતવાની ખૂબ નજીક હતો, પરંતુ ન્યુઝીલેન્ડના ડેવિડ ડેવિડ એન્ડ્રુઝથી માત્ર એક કિલોગ્રામના અંતરથી પાછળ રહી ગયો. લવપ્રીતે કુલ 388 કિગ્રા (સ્નેચમાં 176 કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં 212 કિગ્રા) વજન ઉઠાવ્યું. જ્યારે, ન્યુઝીલેન્ડના લિટીએ ક્લીન એન્ડ જર્કમાં ગેમ્સ રેકોર્ડ સાથે કુલ 389 કિગ્રા (166 કિગ્રા + 223 કિગ્રા) વજન ઉઠાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો. ઈંગ્લેન્ડના એન્ડ્રુ ગ્રિફિથે 356 કિગ્રા (165 કિગ્રા + 191 કિગ્રા) સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો. લવપ્રીત સિંહનો જન્મ 6 સપ્ટેમ્બર 1997ના રોજ પંજાબના અમૃતસર પાસે આવેલા બલ સચંદર ગામમાં થયો હતો.

## જો રૂટ ઇંગ્લેન્ડનો ટેસ્ટ કેપ્ટન બન્યો: ફ્લેમિંગ નવા કોચ

### પૂર્વ કૅપ્ટન વીરેન રસ્કીન્હાએ 'મેન ઇન બ્લુ' ઓળખ બદલવા પર નારાજગી વ્યક્ત કરી

મુંબઈ

જો રૂટને ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમનો નવો ટેસ્ટ કેપ્ટન બનાવ્યો છે. રૂટ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનાર બેન સ્ટોક્સનું સ્થાન લેશે. આ સાથે સ્ટીફન ફ્લેમિંગને ઈંગ્લેન્ડના નવા ટેસ્ટ કોચ બનાવ્યા છે. કેપ્ટન તરીકે રૂટનું પ્રથમ અસાઈનમેન્ટ 19 ઓગસ્ટથી લીડ્સમાં શરૂ થનારી પાકિસ્તાન સામેની 3 મેચની ટેસ્ટ સિરીઝ હશે.

રૂટે 13 ફેબ્રુઆરી 2017 થી 15 એપ્રિલ 2022 સુધી 64 મેચમાં ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ કરી હતી. લગભગ પાંચ વર્ષના કાર્યકાળ પછી તેણે કેપ્ટનશીપ પરથી



રાજીનામું આપી દીધું હતું. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ માટે છેલ્લા કેટલાક મહિના ખૂબ જ ઉથલપાથલભર્યા રહ્યા છે. ચેલ્સીમાં શ્રેણીની પ્રથમ મેચ પછી મોડી રાત્રે દારૂ પીવાની ઘટના અને નાઈટક્લબ વિવાદને કારણે સ્ટોક્સને સસ્પેન્શનનો સામનો કરવો પડ્યો હતો. આ વિવાદ પછી સ્ટોક્સે આ જ વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. ફ્લેમિંગ CSKને 5 વખત ચેમ્પિયન બનાવવાનો અનુભવ 51 વર્ષીય સ્ટીફન ફ્લેમિંગ દુનિયાના સૌથી સફળ ક્રિકેટ કોચમાંથી એક ગણાય છે. તેમની કોચિંગ હેઠળ ચેન્નઈ સુપર કિંગ્સે 5 વખત IPLનો ખિતાબ જીત્યો. આ ઉપરાંત તેઓ સાઉથ આફ્રિકાની SA 20 લીગ અને અમેરિકાની મેજર લીગ ક્રિકેટ (MLC)માં પણ CSKની સિસ્ટર ફ્રેન્ચાઈઝીના કોચ રહ્યા છે.

ઈંગ્લેન્ડના ડોમેસ્ટિક ક્રિકેટ સાથે પણ તેમનો જૂનો સંબંધ રહ્યો છે. ખેલાડી તરીકે તેઓ મિડલસેક્સ, યોર્કશાયર અને નોટિંગહામશાયર માટે રમ્યા, જ્યારે 'ધ હન્ડ્રેડ'માં સધર્ન બ્રેવના હેડ કોચ પણ રહ્યા. મેકકુલમ ટેસ્ટ ટીમના કોચ પદ પરથી હટી ચૂક્યા છે, પરંતુ આવતા વર્ષના અંત સુધી ઈંગ્લેન્ડની વન-ડે અને T20 ટીમના હેડ કોચ બની રહેશે. ફ્લેમિંગ અને મેકકુલમ લાંબા સમયથી નજીકના મિત્રો અને વ્યાવસાયિક સહયોગી રહ્યા છે. આવી સ્થિતિમાં જો ફ્લેમિંગ ટેસ્ટ ટીમની કમાન સંભાળે છે, તો બંને વચ્ચેનો તાલમેલ ઈંગ્લેન્ડ માટે ફાયદાકારક માનવામાં આવી રહ્યો છે. જો રૂટને ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમનો નવો ટેસ્ટ કેપ્ટન બનાવ્યો છે. રૂટ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનાર બેન સ્ટોક્સનું સ્થાન લેશે. આ સાથે સ્ટીફન ફ્લેમિંગને ઈંગ્લેન્ડના નવા ટેસ્ટ કોચ બનાવ્યા છે. કેપ્ટન તરીકે રૂટનું પ્રથમ અસાઈનમેન્ટ 19 ઓગસ્ટથી લીડ્સમાં શરૂ થનારી પાકિસ્તાન સામેની 3 મેચની ટેસ્ટ સિરીઝ હશે.



### E20 વિવાદ વચ્ચે ઇથેનોલ-મુક્ત ઇંધણની માંગમાં વધારો

## પ્રીમિયમ પેટ્રોલનું વેચાણ બમણાથી પણ વધુ

મુંબઈ

ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલથી વાહનોને થતા નુકસાન અંગે વધતી ચિંતાઓ વચ્ચે ૧૦૦-ઓક્ટેન પ્રીમિયમ પેટ્રોલ, જેમાં ઈથેનોલ નથી, તેનું વેચાણ તાજેતરના મહિનાઓમાં બમણાથી પણ વધુ થયું છે. આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું કે જુલાઈમાં પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણ અંગેનો વિવાદ વધ્યો ત્યારે આ વધારો ખાસ કરીને તીવ્ર બન્યો હતો. જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ XP૧૦૦, ભારત પેટ્રોલિયમ સ્પીડ૧૦૦ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ પાવર૧૦૦ બ્રાન્ડ્સ હેઠળ ૧૦૦-ઓક્ટેન પ્રીમિયમ પેટ્રોલ વેચે છે. ૧૦૦-ઓક્ટેન રેટિંગ ધરાવતું પેટ્રોલ મુખ્યત્વે સુપરકાર, લક્ઝરી સેડાન




અને સુપરબાઈક જેવા ઉચ્ચ-પ્રદર્શન વાહનો માટે રચાયેલ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દેશમાં આ ઈંધણની માંગ ઓછી છે, જે કુલ પેટ્રોલ વેચાણના માત્ર ૦.૧ ટકા છે. પ્રીમિયમ પેટ્રોલ નિયમિત પેટ્રોલ કરતાં નોંધપાત્ર રીતે મોંઘુ છે. તાજેતરના મહિનાઓમાં, ઈથેનોલ-મુક્ત પેટ્રોલની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. આ વધારો સોશિયલ મીડિયા પર ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલથી વાહનોને નુકસાન થવાના દાવાઓને કારણે થયો છે. દિલ્હીમાં પ્રીમિયમ પેટ્રોલની સૌથી વધુ માંગ જોવા મળી હતી. દિલ્હીમાં ઈથેનોલ-મુક્ત ૧૦૦-ઓક્ટેન પ્રીમિયમ પેટ્રોલ લગભગ રૂ. ૧૬૦ પ્રતિ લિટરમાં વેચાય છે, જે નિયમિત પેટ્રોલ કરતાં લગભગ ૫૭ ટકા મોંઘુ છે. ૨૦ ટકા ઈથેનોલ ધરાવતા નિયમિત પેટ્રોલની કિંમત પ્રતિ લિટર રૂ. ૧૦૨.૧૨ છે, જ્યારે ઈ૨૦-બ્લેન્ડેડ પ્રીમિયમ ગ્રેડ (XP ૯૫, સ્પીડ ૯૭ અને પાવર ૯૫)ની કિંમત પ્રતિ લિટર રૂ. ૧૧૧-૧૧૨ છે. સૂત્રો સૂચવે છે કે ઓછી માંગને કારણે, દેશના ૧ ટકાથી ઓછા પેટ્રોલ પંપ પર ૧૦૦-ઓક્ટેન પેટ્રોલ ઉપલબ્ધ છે.


### સેમસંગ અને SK હાઈનિક્સના શેર 23% થી વધુ વધ્યા

## સાઉથ કોરિયાના શેરબજારમાં એક ઝાટકે 18% નો રેકોર્ડ ઉછાળો

### વૈશ્વિક સ્તરે ટેકનોલોજી શેરોમાં ચાલી રહેલી રિકવરી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સંબંધિત કંપનીઓમાં રોકાણકારોની ફરીથી વધતી રુચિને કારણે આ શાનદાર ઉછાળો નોંધાયો

મુંબઈ

દક્ષિણ કોરિયાના શેરબજાર કોસ્પીમાં શુક્રવારે 18%નો રેકોર્ડ ઉછાળો આવ્યો છે. કોસ્પીના ઈતિહાસમાં એક દિવસમાં ટકાવારીના હિસાબે નોંધાયેલો આ અત્યાર સુધીનો સૌથી મોટો વધારો છે. વૈશ્વિક સ્તરે ટેકનોલોજી શેરોમાં ચાલી રહેલી રિકવરી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સંબંધિત કંપનીઓમાં રોકાણકારોની ફરીથી વધતી રુચિને કારણે આ શાનદાર ઉછાળો નોંધાયો. આ પહેલા ત્રણ દિવસ સુધી બજારમાં ટેક શેરોમાં ભારે વેચવાલીનો દોર રહ્યો હતો. ચિપમેકર કંપનીઓએ બજારની કમાન સંભાળી બજારની આ તેજીમાં સેમિકન્ડક્ટર (ચિપ) બનાવતી કંપનીઓનું સૌથી મોટું યોગદાન રહ્યું. દક્ષિણ કોરિયાની દિગ્ગજ કંપની SK હાઈનિક્સ અને સેમસંગ ઈલેક્ટ્રોનિક્સના શેરોમાં 23-23%થી પણ વધુનો ઉછાળો નોંધાયો. આ ઉપરાંત તાઈવાનની મુખ્ય ચિપ નિર્માતા કંપની તાઈવાન સેમિકન્ડક્ટર




મેન્યુફેક્ચરિંગ કંપની (TSMC)ના શેર પણ 10% સુધી વધ્યા. આ ત્રણેય કંપનીઓ MSCI એશિયા પેસિફિક ઈક્વિટીઝ ઈન્ડેક્સમાં સૌથી વધુ યોગદાન આપનારી કંપનીઓ તરીકે ઉભરી આવી. ઈમર્જિંગ માર્કેટ્સ અને કરન્સીમાં પણ સકારાત્મક વલણ જોવા મળ્યું એશિયન બજારોમાં આવેલી આ તેજીની અસર ઈમર્જિંગ માર્કેટ્સ પર પણ સ્પષ્ટ દેખાઈ. ઈમર્જિંગ માર્કેટ ઈક્વિટીઝનો MSCI ઈન્ડેક્સ 6.1% સુધી વધ્યો, જે છેલ્લા 6 વર્ષમાં તેની એક દિવસની સૌથી મોટી તેજી છે. આ વધારા સાથે ઈન્ડેક્સની સાપ્તાહિક તેજી વધીને 1.8% થઈ ગઈ છે. જ્યારે, ઈમર્જિંગ માર્કેટ કરન્સીઝને માપતા એક ઈન્ડેક્સમાં પણ 0.3% સુધીની મજબૂતી નોંધાઈ. વોલ સ્ટ્રીટ તરફથી મળેલા મજબૂત વૈશ્વિક સંકેતો એશિયન શેરબજારોમાં આ તેજી અમેરિકી શેરબજાર વોલ સ્ટ્રીટમાં ગુરુવારે ચિપ શેરોમાં આવેલા રેકોર્ડ ઉછાળા પછી જોવા મળી છે. અમેરિકી બજારમાં એક વર્ષથી પણ વધુ સમય પછી ચિપ શેરોમાં આટલો મોટો ઉછાળો નોંધાયો. ટેક-હેવી નાસ્ડેક 100 ફ્યુચર્સમાં પણ આગળ વધુ તેજીના સંકેતો મળી રહ્યા છે. નાસ્ડેકે સતત છ દિવસથી ચાલી આવતી ઘટાડાની શ્રેણીને બ્રેક કરી દીધી છે. ટેક કંપનીઓના ત્રિમાસિક પરિણામોની મિશ્ર અસર દિગ્ગજ ટેક કંપનીઓના પરિણામોએ પણ માર્કેટનો મૂડ સેટ કર્યો.

### આયાતકારોને વૈકલ્પિક વનસ્પતિ તેલની ખરીદી કરવાની ફરજ

## બ્લેક સી વિસ્તારમાં હુમલાને પરિણામે સનફ્લાવર તેલના પૂરવઠામાં ખલેલ

મુંબઈ

બ્લેક સી વિસ્તારમાં હુમલાઓને પરિણામે આયાતમાં ખલેલ તથા ઘરઆંગણે ચોમાસાની નબળાઈને પગલે સનફ્લાવર ઓઈલના સ્થાને ભારત વૈકલ્પિક વનસ્પતિ તેલનો પૂરવઠો સલામત કરી લેવા તરફ નજર દોડાવી રહ્યું છે. સનફ્લાવર ઓઈલના ટોચના પૂરવઠેદારો રશિયા તથા યુક્રેન ખાતેથી પૂરવઠામાં ૬૦ દિવસ સુધીની ઢીલ ઉપરાંત ભાવમાં વધારો થઈ રહ્યો છે. દેશમાં સનફ્લાવર ઓઈલના સ્થાને વૈકલ્પિક વનસ્પતિ તેલ માટે પામ તથા સોયા ઓઈલની આયાત વધારવી પડી છે એટલુ જ નહીં અમારે દક્ષિણ અમેરિકાના પૂરવઠેદારો તરફ પણ વળવુ પડયું છે એમ સ્થાનિક ટ્રેડરો



દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે.

બ્લેક સીમાં હુમલાને કારણે ભારતમાં વનસ્પતિ તેલનો પૂરવઠો ખોરવાઈ ગયો છે. રશિયા ખાતેથી તેલ લઈને આવતા અસંખ્ય જહાજો અટવાઈ પડયા છે.

રશિયા ખાતેથી પૂરવઠો અટવાઈ પડતા સનફ્લાવરના ભારતના આયાતકારો આર્જેન્ટિના ખાતેથી ખરીદી કરવા લાગ્યા છે. ભારતમાં શરૂ થનારી તહેવારોની મોસમ પહેલા માગને પહોંચી વળવા આયાતકારોએ અન્ય બજારો તરફ નજર દોડાવવાની ફરજ પડી છે. અલ નિનોની અસરને કારણે વર્તમાન વર્ષમાં ચોમાસુ નબળુ રહેવાની સ્થિતિમાં તેલીબિયાંના ઉત્પાદનમાં ઘટ પડી શકે છે.

વર્તમાન વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતની વનસ્પતિ તેલની એકંદર આયાતમાં વીસ ટકા આયાત સનફ્લાવર ઓઈલની રહી હતી એમ સોલવન્ટ અક્સટ્રેક્ટર્સ' એસોસિએશન ઓફ ઈન્ડિયા (સી)ના સુત્રોએ જણાવ્યું હતું. આમાંથી મોટો હિસ્સો બ્લેક સી મારફત આયાત થાય છે.

## અર્થશાસ્ત્રીઓના મતે RBI વ્યાજ દરોમાં ફેરફાર નહીં કરે

- રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીની બેઠક આગામી 3થી 5 ઓગસ્ટ વચ્ચે યોજાશે

મુંબઈ

ભારતીય રિઝર્વ બેંકની ઓગસ્ટમાં મોનેટરી પોલિસી બેઠક પહેલાનો સૌથી મોટો પ્રશ્ન એ છે કે હોમ લોન, કાર લોન અથવા ઈએમઆઈ સસ્તા થશે ખરા, તો હાલમાં રાહતની આશા ઓછી લાગે છે. એક સર્વે મુજબ, મોટાભાગના અર્થશાસ્ત્રીઓ માને છે કે રિઝર્વ બેંક આ



વખતે પણ રેપો રેટમાં કોઈ ફેરફાર કરશે નહીં. મોટાભાગના અર્થશાસ્ત્રીઓ માને છે કે રિઝર્વ બેંક ઓગસ્ટ બેઠકમાં રેપો રેટ ૫.૨૫% પર રાખશે. ફક્ત ૪ અર્થશાસ્ત્રીઓએ વ્યાજ દરમાં ૦.૨૫% વધારાની આગાહી કરી હતી. સર્વેમાં સામેલ અર્થશાસ્ત્રીઓ માને છે કે રિઝર્વ બેંક ફક્ત ઓગસ્ટમાં જ નહીં, પરંતુ સમગ્ર ૨૦૨૬ દરમિયાન વ્યાજ દરોમાં ફેરફાર નહીં કરે. અહેવાલ મુજબ, આગામી ફેરફાર ૨૦૨૭ની શરૂઆતમાં થવાની અપેક્ષા રાખી શકાય છે. જૂનમાં ફુગાવો વધીને ૪.૩૮% થયો, પરંતુ, અર્થશાસ્ત્રીઓ માને છે કે રિઝર્વ બેંક હાલમાં વ્યાજ દર વધારવાનું ટાળશે. આ પશ્ચિમ એશિયામાં તણાવ, યુએસ ટેરિફ અને વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે છે.

# અમદાવાદમાં ફરી પવન સાથે ધોધમાર વરસાદ: અનેક ઘૂંટણસમા પાણી ભરાયા

## — કલેક્ટરની સૂચનાથી પૂર્વ-પશ્ચિમ વિસ્તારની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓ તેમજ કોલેજો બંધ રહેશે —



અમદાવાદ

આજે 31 જુલાઈ અને આવતીકાલે 1 ઑગસ્ટે હવામાન વિભાગ દ્વારા અમદાવાદમાં રેડ એલર્ટ જારી કર્યું છે. એટલે કે શહેર અને જિલ્લાના વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે 31 જુલાઈએ બપોરના સમયે અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેમાં એસજી હાઈવેના પેલેડિયમ મોલ પાસે અને ઈન્ડિયા કોલોની તેમજ સરસપુર વિસ્તારમાં તો પાણી ભરાયા હતા. શહેરમાં સરેરાશ એક ઈંચ વરસાદ અને બોપલ અને ઘુમામાં બે ઈંચ વરસાદથી પાણી ભરાયા હતા. તેમજ તમામ સ્કૂલોમાં 1 ઓગસ્ટે રજા જાહેર કરવામાં આવી છે.

શાહીબાગ વિસ્તારમાં 30 મિનિટ સુધી મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી હતી. ત્યારે રચના સ્કૂલ બહાર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સોલા બ્રિજ પર વરસાદના કારણે વિઝિબિલિટીમાં પણ ઘટાડો થયો હતો. તો સરસપુરમાં વોરાના રોજા પાસે, ચેનપુર અંડરપાસ પાસે સામાન્ય વરસાદમાં પાણી ભરાતા વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે. વોરાના રોજા પાસે ટ્રાફિક થતા એમ્બ્યુલન્સ પણ ફસાઈ હતી. જ્યાં તંત્રના કર્મચારીઓ ગટરના ઢાંકણા ખોલ્યા વિના જ કામગીરી કરવા પહોંચી ગયા છે એવા ફોટા પાડ્યા હતા.

### શહેરમાં સરેરાશ એક ઇંચ વરસાદથી પાણી ભરાયા

અમદાવાદમાં બપોરે 2:00 વાગ્યા બાદ વરસાદ શરૂ થયો હતો. માત્ર એક કલાક ધોધમાર વરસાદ પડ્યો તો ત્યારબાદ ધીમીધારે વરસાદ કેટલાક વિસ્તારોમાં પડ્યો હતો. શહેરમાં સરેરાશ એક ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. સૌથી વધુ વરસાદ એસજી હાઈવે, થલતેજ, બોડકદેવ, અને બોપલમાં બે ઇંચ જેટલો પડ્યો છે. જોધપુર, ચાંદખેડા, રાણીપ, જગતપુર, ન્યુ રાણીપ, કાલુપુર, દિલ્હી દરવાજા, શાહીબાગ, અસારવા, એરપોર્ટ, સરદારનગર, દૂધેશ્વર ના શાહપુર વિસ્તારમાં જેટલો વરસાદ પડ્યો હતો. જ્યારે આશ્રમરોડ, પાલડી, વાસણા, નવરંગપુરા, ઓગણજ, મેમનગર, ઘાટલોડીયા, જમાલપુર, નરોડા, હંસપુરા એસ્પીરીંગ રોડ સહિતના વિસ્તારોમાં એક ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો

### બોપલ અને ઘુમામાં બે ઇંચ વરસાદ પડ્યો

બોપલ અને ઘુમામાં બે ઇંચ વરસાદ પડ્યો હતો જેના કારણે વરસાદી પાણી ભરાઈ ગયા હતા. શેલા વિસ્તારમાં પણ દોઢથી બે ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. જેના કારણે ક્લબ 07 રોડ અને વીઆઈપી રોડ તેમજ આકાશ રેસીડેન્સી સહિતના વિસ્તારોમાં ખૂબ પાણી ભરાઈ ગયા હતા લોકોને અવરજવરમાં તકલીફ પડી હતી.

### TAT અને GPSCની પરીક્ષાઓ મુલતવી, નવી તારીખો જાહેર

રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિ અને ઉમેદવારોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા અગાઉ 2 ઓગસ્ટના રોજ યોજાનારી TAT (ઉચ્ચતર માધ્યમિક)-2026ની મુખ્ય પરીક્ષા હવે 8 ઓગસ્ટ, 2026ના રોજ યોજાશે, જેના માટે જૂની હોલટિકિટ જ માન્ય રહેશે. આ સાથે જ GPSC દ્વારા 1 ઓગસ્ટે લેવાનારી તમામ પરીક્ષાઓ મોકૂફ રાખીને હવે 9 ઓગસ્ટે યોજવાનો નિર્ણય કરાયો છે. આગામી 2 ઓગસ્ટ સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. આજે 31 જુલાઈએ 14 જિલ્લામાં 'રેડ એલર્ટ' જાહેર કર્યું છે, જ્યારે 6 જિલ્લામાં 'ઓરેન્જ એલર્ટ' અને 15 જિલ્લામાં 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે. 1 ઓગસ્ટએ ભારે વરસાદની આગાહીને પગલે સુરત જિલ્લાની તમામ સ્કૂલ-કોલેજ અને આંગણવાડીમાં રજા જાહેર કરાઈ છે.

# સમસ્યાના નિકાલ વિના તંત્ર ઓનલાઇન ફરિયાદો બંધ કરતું હોવાનો આક્ષેપ કરાયો

## વટવામાં વર્ષોથી ગટરો બેક મારવાની સમસ્યા છતાં ઓનલાઇન ફરિયાદો નોંધી તંત્રને સંતોષ

અમદાવાદ

અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાં સદાની ધાબી પાસેના વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી ગટરો ઉભરાતી હોવાથી લોકો હેરાન પરેસાન થઈ ગયા છે. દરવર્ષે ચોમાસામાં ગટરો બેક મારતા તેના ગંદા પાણી ભરાઈ રહેતા હોવાથી ગંદકી અને મચ્છરોનો ત્રાસ વધી જાય છે.

જેના લીધે લોકોના આરોગ્ય સામે જોખમ ઉભુ થયુ છે. આ મામલે મ્યુનિ.માં ઓનલાઈન ફરિયાદો કરવામાં આવે તો તંત્ર ફક્ત નોંધણી કરીને સંતોષ માની લે છે. સમસ્યાના નિકાલ વિના જ તંત્ર દ્વારા ઓનલાઈન ફરિયાદો બંધ કરી દેવાતી હોવાનો આક્ષેપ લોકો કરી રહ્યા છે. એટલે મ્યુનિ.નું ઓનલાઈન ફરિયાદ નોંધવાની કામગીરી ફકત કાગળ પર જ રહેતી હોય તેમ લાગી રહ્યું છે. આ અંગે સ્થાનિક અબ્બાસ સૈયદે જણાવ્યું હતું કે, વટવા કેનાલ પાસે આવેલા અલીફનગર વિસ્તારમાં વર્ષોથી ચોમાસામાં વરસાદી પાણી ભરાઈ જાય છે. ઉપરાંત ચોમાસામાં ગટરો બેક મારવાની પણ સમસ્યા સર્જાય છે. એટલે ચોમાસામાં વરસાદી અને ગટરના પાણી ઓસરતા જ નથી. ખાસ કરીને ગટરના પાણી ભરાઈ રહેવાના કારણે ગંદકીથી લોકો હેરાન થઈ ગયા છે. ઉપરાંત મચ્છરોનો ઉપદ્રવ વધી જતાં મચ્છરજન્ય રોગના કેસોમાં વધારો થઈ રહ્યો છે. આ ગટરો બેક મારવાની સમસ્યા મામલે મ્યુનિ.માં ઓનલાઈન ફરિયાદ કરી હતી. જેમાં તંત્ર દ્વારા ફરિયાદ નોંધી તેનો



ટોકન નંબર આપી દેવાયો હતો. પરંતુ ગટરોની સફાઈના નામે કોઈ કામગીરી થતી નથી. વોર્ડના અધિકારીઓને રજૂઆત કરીએ તો તેઓ નિતનવા બહાના બતાવીને હાથ અધ્ધર કરી લે છે. બીજી બાજુ સમસ્યાના નિકાલ વિના જ ઓનલાઈન ફરિયાદોને બંધ કરી દેવાય છે.

ભારે વરસાદની આગાહી વચ્ચે AMCનો નિર્ણય

# રિવરફ્રન્ટ અને કાંકરિયા ખાતે જયા-પાર્વતી વ્રતનું રાત્રિ આયોજન મોકૂફ



અમદાવાદ

અમદાવાદમાં ભારે વરસાદની આગાહીને પગલે AMC દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. જયા-પાર્વતી વ્રત નિમિત્તે સાબરમતી રિવરફ્રન્ટ અને કાંકરિયા લેક ખાતે મહિલાઓ-બાળકીઓ માટે દર વર્ષે થતું રાત્રિ આયોજન આ વર્ષે મોકૂફ રખાયું છે. મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન અને કમિશનરની બેઠક બાદ સુરક્ષાને ધ્યાને રાખી આ નિર્ણય લેવાયો છે. ભારતીય હવામાન વિભાગ(IMD) દ્વારા આગામી દિવસોમાં અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને પગલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC) દ્વારા લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જયા-પાર્વતી વ્રત નિમિત્તે સાબરમતી રિવરફ્રન્ટ અને કાંકરિયા લેક ખાતે મહિલાઓ તથા બાળકીઓ માટે દર વર્ષે કરાતું વિશેષ રાત્રિ આયોજન આ વર્ષે મોકૂફ રાખવામાં આવ્યું છે. શહેરમાં અતિભારે વરસાદની સંભાવનાને પગલે મેયર હિતેશ બારોટ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશભાઈ પટેલ તેમજ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની વચ્ચે યોજાયેલી ચર્ચા અને સૂચન બાદ આ નિર્ણય લેવાયો છે. સંભવિત ભારે વરસાદ દરમિયાન જયા-પાર્વતી વ્રતધારી બાળકીઓ અને મહિલાઓની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી સાબરમતી રિવરફ્રન્ટના પસંદગીના ગાર્ડનો તેમજ કાંકરિયા લેક પરિસરમાં થનારું વિશેષ આયોજન નિર્ધારિત સમય મુજબ ઉપલબ્ધ રહેશે નહીં.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જયા-પાર્વતી વ્રત કરનારી મહિલાઓ, બાલિકાઓ અને તેમના પરિવારજનોને આ નિર્ણયમાં સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

# ભારતીય રેલવેએ રચ્યો ઈતિહાસ: વંદે ભારત એક્સપ્રેસ મારફતે પ્રથમ વખત જીવંત હૃદયનું સફળ પરિવહન

અમદાવાદ

ભારતીય રેલવેએ આરોગ્ય સેવાઓના ક્ષેત્રમાં એક વધુ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરતાં પ્રથમ વખત વંદે ભારત એક્સપ્રેસ મારફતે જીવંત હૃદય (લાઈવ હાર્ટ)નું સફળતાપૂર્વક પરિવહન કર્યું છે. સુરતથી અમદાવાદ સુધી ટ્રેન નં. 20901 મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ દ્વારા હૃદયને સંપૂર્ણ સુરક્ષા અને નિર્ધારિત સમય મર્યાદામાં પહોંચાડવામાં આવ્યું હતું. આ હૃદયનું પ્રત્યારોપણ અમદાવાદ સ્થિત યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે કરવામાં આવશે.



અત્યંત સંવેદનશીલ અને સમયબદ્ધ આ જીવનરક્ષક અભિયાન ભારતીય રેલવે, ગુજરાત રાજ્ય પોલીસ, રેલવે સુરક્ષા દળ (RPF) તથા તબીબી ટીમો વચ્ચેના સુદૃઢ સંકલન અને ઝડપી કામગીરીનું શ્રેષ્ઠ ઉદાહરણ બન્યું છે.

અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. 1થી યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ સુધી હૃદયને ઝડપથી અને અવરોધરહિત રીતે પહોંચાડવા માટે RPF અને ગુજરાત રાજ્ય પોલીસે વિશેષ ગ્રીન કોરિડોર તૈયાર કર્યો હતો. પરિણામે હૃદયને નિર્ધારિત સમયમર્યાદામાં હોસ્પિટલ પહોંચાડવામાં સફળતા મળી હતી, જેથી પ્રત્યારોપણની પ્રક્રિયા સમયસર શરૂ કરી શકાય.

AMCની મુખ્ય ઓફિસને જ નોટિસ આપવાની સ્થિતિ

# એસ્ટેટ-નગર વિકાસ અને ટેક્સ સહિતની 15 ખાતાની ઓફિસ જર્જરિત બિલ્ડિંગમાં...

અમદાવાદ

રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા એવી અમદાવાદ મહાનગરપાલિકા ચોમાસામાં નાગરિકોના ભયજનક મકાનો અથવા તેનો ભાગ ઉતારી લેવા માટે નોટિસ આપી અને કાર્યવાહી કરતી હોય છે. જો કે શહેરના દાણાપીઠ વિસ્તારમાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસની બિલ્ડીંગનો ભાગ જર્જરીત છે. મુખ્ય ઓફિસના બી બ્લોકની બિલ્ડીંગનો એક ભાગ જર્જરીત છે અને તેને રીપેરીંગની જરૂરિયાત છે ત્યારે લોકોને નોટિસ આપી અને ખાલી કરાવવાની કામગીરી કરતું મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર જ તેમની જર્જરીત બિલ્ડીંગનો ભાગ દૂર કરી શકી નથી અને ઓફિસમાં કામ કરતા કર્મચારીઓ તેમજ નાગરિકોને જીવનું જોખમ છે. મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફીસ



દાણાપીઠમાં ત્રણ બ્લોક છે. જેમાં એ બ્લોકના હેરિટેજ બિલ્ડીંગનું રીનોવેશન ચાલી રહ્યું છે. સી બ્લોક જે વર્ષ 2009-10માં બનાવવામાં આવ્યો હતો. તેમાં કેટલીક જગ્યાએ બાથરૂમ તૂટી ગયા છે તો કેટલીક જગ્યાએ રીપેરીંગની જરૂરિયાત છે. જેથી નાનું મોટું તેમાં રીપેરીંગની જરૂરિયાત હોવાથી આગામી દિવસોમાં તેને રિપેર કરવામાં આવશે. બી બ્લોક બિલ્ડીંગ અંદાજિત 50 વર્ષ જૂનું હોવાથી તેનો સ્ટ્રક્ચર રિપોર્ટ કરાવવામાં આવ્યો હતો. જેમાં બિલ્ડિંગને રીપેરીંગની જરૂરિયાત છે. વર્ષો જૂનું બિલ્ડીંગ છે ત્યારે હવે આ બિલ્ડીંગને રીપેર કરાવવું કે પછી તોડીને નવું કરવું તેના માટે હાલ વિચારણા કરવામાં આવી રહી છે. શહેરના દાણાપીઠ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસના A બ્લોક કે જેમાં હેરિટેજ બિલ્ડીંગ છે. B બ્લોકની બિલ્ડીંગ આવેલી છે જેમાં તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ બેસીને કામ કરે છે.

# અમદાવાદના સોલામાં 'સામતવા' બિલ્ડરનો મોટો ધમાકો: બીજાની જમીન પર 60 ફૂટ ઊંડો ખાડો ખોદી 'દાદાગીરી'

અમદાવાદ

સંસ્કાર ધામ અને વિકાસની વાતો વચ્ચે અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા સોલામાંથી એક અત્યંત સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. રિઅલ એસ્ટેટ ક્ષેત્રે અબજોના ખેલ ખેલાઈ રહ્યા છે ત્યારે 'સામતવા' (Samatva) બિલ્ડરના એક કોમર્શિયલ પ્રોજેક્ટ સામે જમીન પચાવી પાડવાના અને ગેરકાયદે બાંધકામના અત્યંત ગંભીર આરોપો લાગતા સમગ્ર બિલ્ડર લોબીમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

ભોગ બનનાર ઉપેન્દ્રસિંહ ચાવડા નામના નાગરિકે સામતવા બિલ્ડર સામે ખુલ્લેઆમ મોરચો માંડ્યો છે. ચાવડાના ગંભીર આરોપ મુજબ, બિલ્ડરે તમામ કાયદા અને સીમાઓને નેવે મૂકીને તેમની ખાનગી જમીનમાં બે ફૂટ અંદર સુધી ઘૂસણખોરી કરી હતી. એટલું જ નહીં, તેમની કમ્પાઉન્ડ વોલ (દિવાલ) તોડી પાડીને ત્યાં 60 ફૂટ ઊંડો ભયાનક ખાડો ખોદી નાખ્યો છે અને ગેરકાયદેસર રીતે બાંધકામ ધમધમાવી રહ્યા છે!

એક સામાન્ય નાગરિકની મિલકત પર આ પ્રકારે બુલડોઝર ફેરવી દેવાની આ 'દાદાગીરી' સામે સ્થાનિકોમાં પણ ભારે રોષ વ્યાપી ગયો છે. શું અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થા બિલ્ડરો આગળ લાચાર બની ગયા છે? ઉપેન્દ્રસિંહ ચાવડાએ આ સમગ્ર મામલે માત્ર બિલ્ડરની દાદાગીરી જ નહીં, પરંતુ RERA (રેરા) રજીસ્ટ્રેશન અને મ્યુનિસિપલ કોર્પોરેશનની બાંધકામ મંજૂરીઓ સામે પણ ધારદાર કાયદાકીય સવાલો ઊભા કર્યા છે.

અમદાવાદમાં ઋતુજન્ય રોગચાળો વકર્યો : સોલા સિવિલમાં

# અઠવાડિયામાં 11,000થી વધુ દર્દીઓ નોંધાયા

## ■ ઝાડા-ઊલટી, ડેન્ગ્યુ, મેલેરિયા અને ફંગલ ઇન્ફેક્શનના કેસોમાં ચિંતાજનક વધારો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં સતત બદલાતા વાતાવરણ અને વરસાદી માહોલ વચ્ચે ઋતુજન્ય રોગચાળાએ ભારે ઉપાડો લીધો છે. શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય ાેના કેસોમાં કુદકે ને ભૂસકે વધારો થઈ રહ્યો છે, જેના કારણે સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોના ઓપીડી (OPD) દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. શહેરની જાણીતી સોલા સિવિલ હોસ્પિટલમાં માત્ર છેલ્લા એક જ અઠવાડિયામાં ૧૧,૦૦૦થી પણ વધુ દર્દીઓ નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે.

હોસ્પિટલમાં નોંધાઈ રહેલા કેસોમાં ખાસ કરીને વાયરલ તાવ, શરદી, ખાંસી, ઝાડા અને ઊલટી જેવા સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યા સૌથી વધુ છે. આ ઉપરાંત મચ્છરોના ઉપદ્રવને કારણે મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા ઘાતક તાવના કેસો પણ મોટા પ્રમાણમાં સામે આવી રહ્યા છે. ભેજવાળા વાતાવરણના કારણે ચામડીના રોગો એટલે કે ફંગલ ઈન્ફેક્શનના દર્દીઓમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે. સોલા સિવિલ હોસ્પિટલના અહેવાલ મુજબ, રોગચાળો વકરવાના કારણે દરરોજ હજારો દર્દીઓ સારવાર અર્થે આવી રહ્યા છે. હોસ્પિટલની ઓપીડી, કેસ બારી અને દવા વિતરણ કેન્દ્રો પર દર્દીઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે. નાના બાળકોથી લઈને મોટેરાઓ સુધીના તમામ લોકો આ બદલાતી ઋતુના રોગચાળાની ચપેટમાં આવી રહ્યા છે.

સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ દ્વારા તમામ શહેરીજનોને સાવચેત રહેવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે. તંત્ર દ્વારા લોકોને નીચે મુજબની સાવચેતી રાખવા જણાવાયું છે: ઉકાળેલું પાણી પીવું: ઘર વપરાશ માટે ઉકાળેલું અથવા શુદ્ધ પાણી જ ઉપયોગમાં લેવું. પાણીનો સંગ્રહ ન કરવો: ઘર કે આસપાસના વિસ્તારમાં ક્યાંય પણ પાણી ભરાઈ ન રહે તેની કાળજી રાખવી, જેથી મચ્છરોનો ઉપદ્રવ અટકે. તાજો ખોરાક લેવો: વાસી કે બહારનો ખુલ્લો ખોરાક ખાવાનું ટાળવું. મચ્છરદાનીનો ઉપયોગ કરવો: રાત્રે સૂતી વખતે મચ્છરદાની અથવા મચ્છર ભગાવવાની રીપેલન્ટનો ઉપયોગ કરવો.

આરોગ્ય વિભાગે વધુમાં જણાવ્યું છે કે સામાન્ય તાવ કે ઝાડા-ઊલટીના લક્ષણો દેખાય તો ઘરગથ્થુ ઉપચાર કરવાને બદલે તાત્કાલિક નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર કે તબીબની સલાહ લેવી.

રાજયમાં 7 હજારથી વધુ એક્સ્ટ્રા ટ્રીપો નિગમ દોડાવશે

# રક્ષાબંધન અને જન્માષ્ટમી સહિતના તહેવારો માટે ST સજ્જ

એસ.કુમાર | અમદાવાદ

ચાલુ વર્ષે પણ રક્ષાબંધન અને જન્માષ્ટમી સહિતના તહેવારો માટે એસ.ટી. તંત્ર સજ્જ બન્યું છે. જેને અનુલક્ષીને અમદાવાદ, સુરત, મહેસાણા, વડોદરા ઉપરાંત ડાકોર, દ્વારકા, સોમનાથ, શામળાજી, જેવા રૂટો ઉપર વધારાની બસો દોડાવાશે. ઉપરાંત જે રૂટ ઉપર વધુ ટ્રાફિક હશે તેવા રૂટો ઉપર પણ જરૂરિયાત મુજબ એક્સ્ટ્રા બસો દોડાવાશે. ગુજરાત રાજય એસ.ટી.નિગમે આગામી રક્ષાબંધન અને જન્માષ્ટમીનાં તહેવારો અંતર્ગત જુદા-જુદા રૂટો ઉપર એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન હાથ ધર્યુ છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-ગુજરાતનાં ધાર્મિક સ્થળો અને ફરવાનાં સ્થળોએ વધારાની બસો અને ટ્રીપો દોડાવવામાં આવનાર છે. સૂત્રોમાં જ પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ ગતવર્ષ કરતા આ વર્ષે એસ.ટી.નિગમ દ્વારા એક્સ્ટ્રા બસો અને ટ્રીપોની સંખ્યા વધારી છે. આ વર્ષે 7-હજારથી વધુ એક્સ્ટ્રા ટ્રીપો એસ.ટી.નિગમ દોડાવશે અને રાજકોટ વિભાગ દ્વારા પણ રક્ષા બંધન, અને જન્માષ્ટમીમાં તહેવારોમાં 50 થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવનાર છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષ દરમ્યાન એસ.ટી.નિગમે રક્ષાબંધનના તથા જન્માષ્ટમીના તહેવારો દરમ્યાન અંદાજે 6500 જેટલી ટ્રીપો એક્સ્ટ્રા સંચાલિત કરી હતી. જેમાં મુખ્યત્વે, રક્ષાબંધનના તહેવારમાં રાજ્યમાં ગ્રામ્ય કક્ષા, જીલ્લા-થી જીલ્લા, તાલુકા કક્ષા તેમજ અમદાવાદ, રાજકોટ, સુરત, મહેસાણા, વડોદરા જેવાં શહેરી વિસ્તારોમાં જરૂરિયાત મુજબ એક્સ્ટ્રા સંચાલન કરવાનું આયોજન હતું.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI